
# આત્મધર્મ

માસિક : વર્ષ-૬ ❀ અંક-૯ ❀ મે, ૨૦૧૨



નિયમસાર લ્યો તો ‘મારી ભાવના માટે મેં બનાવ્યું છે’; એ કુંદકુંદાચાર્ય ત્યાં એમ કહે છે કે ખરેખર આત્મા તેને કહેવો કે પર્યાય વિનાનો ત્રિકાળ તેને ખરેખર આત્મા કહેવો. આહાહા! ‘મારી ભાવના માટે મેં બનાવ્યું છે’, ઓહોહો! ખરેખર આત્મા કોને કહેવો ? કે જેમાં ક્ષાયિકભાવ પણ નથી! આહાહા! ઉદયભાવ ને રાગભાવ તો ક્યાંય રહી ગયા! આહાહા!

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ જેમ લોઢાનો સંગ કરવાથી અગ્નિ પણ મોટા-મોટા ઘણ વડે પિટાય છે, તેમ દુષ્ટજનોના સંગથી ભલા પુરુષોના ગુણો પણ નષ્ટ થઈ જાય છે. ૧૨૭૦.

*(મુનિવર રામસિંહ, પાહુડ દોહા, ગાથા–૧૪૮)*

❀ વીતરાગ અતીન્દ્રિય સુખના સ્વાદથી રહિત જીવોને ઉપભોગ્ય પંચેન્દ્રિયવિષયો, અતીન્દ્રિય આત્મસ્વરૂપથી વિપરીત પાંચ ઈન્દ્રિયો, અશરીર આત્મપદાર્થથી પ્રતિપક્ષભૂત પાંચ શરીરો, મનોગત વિકલ્પ–જાળ રહિત શુદ્ધજીવાસ્તિકાયથી વિપરીત મન, કર્મરહિત આત્મદ્રવ્યથી પ્રતિકૂળ આઠ કર્મો અને અમૂર્ત આત્મસ્વભાવથી પ્રતિપક્ષભૂત બીજું પણ જે કાંઈ મૂર્ત હોય તે બધું પુદ્‌ગલ જાણો. ૧૨૭૧. *(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પંચાસ્તિકાય-ટીકા, ગાથા-૮૨નો ભાવાર્થ)*

❀ પરાક્રમ હી હૈ અદ્વિતીય રસ જિસકે, ઐસા યહ મનુષ્ય તબ તક હી ઉદ્ધત હોકર દૌડતા કૂદતા હૈ, જબ તક કિ કાલરૂપી સિંહકી ગર્જનાકા શબ્દ નહીં સુનતા. અર્થાત્ તેરી મૌત આ ગઈ ઐસા શબ્દ સુનતે હી ખેલ કૂદ ભૂલ જાતા હૈ. ૧૨૭૨.

*(શ્રી શુભચન્દ્ર આચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ–૨, શ્લોક–૧૩)*

❀ જિસ પ્રકાર સૂર્યકે દ્વારા જગત પ્રકાશમાન હો ઉઠતા હૈ ઉસી પ્રકાર જિસકે દ્વારા જૈન શાસન પ્રકાશમાન હો ઉઠતા હૈ ઉસકે દોનોં ચરણકમલોંકો ધર્માત્મા અપને મસ્તક પર ધારણ કરતે હૈં. જિસ પ્રકાર સમુદ્ર રત્નોંકી ઉત્પત્તિકા સ્થાન હૈ, ઉસી પ્રકાર જિનશાસન પ્રભાવના કરનેવાલા શ્રીમાન પુરુષ ધર્મકી ઉત્પત્તિકા કારણ હૈ. આચાર્ય ગુણભદ્ર કહતે હૈં કિ હર્ષરૂપી ફૂલોંસે વ્યાપ્ત મેરે મનરૂપી રંગભૂમિમેં જિનેન્દ્ર પ્રણીત સમીચીન ધર્મકી પ્રભાવનાકા અભિનવરૂપી મહા નટ સદા નૃત્ય કરતા રહે. ૧૨૭૩. *(શ્રી ગુણભદ્રાચાર્ય, મહાપુરાણ, ભાગ–૨, ષટ્સપ્તતિમ પર્વ, શ્લોક–૪૨૪-૪૨૫-૪૨૭)*

❀ દૂસરા કોઈ કુમાર્ગગામી હો ગયા હૈ તો ભી ઉસે મના હી કરના ચાહિયે યહ તો ઠીક હી હૈ, પરંતુ વિષયોંકે કુમાર્ગમેં જાનેવાલે અપને મનકો અતિશયરૂપ ક્યોં નહીં રોકના ચાહિયે?—અવશ્ય રોકના ચાહિયે. ૧૨૭૪.

*(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક–૧૭૫)*

❀ મારું મરણ નથી તો મને ડર કોનો? મને વ્યાધિ નથી તો મને પીડા કેવી? હું બાળક નથી, હું વૃદ્ધ નથી, હું યુવાન નથી. એ સર્વ અવસ્થાઓ પુદ્‌ગલની છે. ૧૨૭૫. *(શ્રી પૂજ્યપાદ આચાર્ય, ઈષ્ટ-ઉપદેશ, ગાથા–૨૯)*

વર્ષ-૬
અંક-૯




સંવત
૨૦૬૮
May
A.D. 2012

# વિષયના ભિખારીઓનું સૂક્ષ્મ સ્વરૂપ

ક p ક p ક p ક p ક p ક p ક p ક p

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૪૪)

આ, શ્રી સમયસાર નાટક શાસ્ત્ર છે તેમાં પરમ વિશુદ્ધિદ્વાર નામના અધિકારમાં ૧૧૧મા પદ્યનો અર્થ લેવાનો છે.

दरबलिंग न्यारौ प्रगट, कला वचन विज्ञान।
अष्ट महारिद्धि अष्ट सिधि, एक होहि न ग्यान॥१११॥

અર્થ : બાહ્યવેષ જુદા છે, કળા-કૌશલ જુદા છે, વચન ચાતુરી જુદી છે, આઠ મહા ઋદ્ધિઓ જુદી છે અને આ કોઈ જ્ઞાન નથી.

શું કહે છે? કે શરીર ઉપર વેષ શ્રાવકનો હો કે મુનિનો હો તે કાંઈ આત્માનું રૂપ નથી. વેષ આત્માથી જુદી ચીજ છે. તેમાં જ્ઞાન નથી. સંસારનું ડહાપણ અને કળા એ પણ જુદી ચીજ છે. તે આત્માનું જ્ઞાન નથી. ૬૪ કળા હો કે ૭૨ કળા હો એ બધો ઉપાધિભાવ છે, જ્ઞાન નથી. કોઈને વચનમાં ચાતુરી હોય, બોલવાની કળા આવડતી હોય, વ્યાખ્યાન સરસ આપી શકતા હોય—તે પણ જ્ઞાનનું કાર્ય નથી.

કોઈ મુનિને ઋદ્ધિ પ્રગટ થાય છે તેનાથી અનેક પ્રકારની લબ્ધિ પ્રગટે, શરીરને નાનું બનાવી દે, મોટું બનાવી દે એવી એવી અનેક પ્રકારની વિક્રિયા કરી શકે પણ તે કાંઈ આત્મા નથી અને આત્માનું જ્ઞાન પણ નથી. લોકોને તેમાં ચમત્કાર લાગે છે પણ તેનાથી આત્માને કાંઈ લાભ નથી. જ્ઞાન તો ભગવાન આત્મામાં છે ત્યાં દૃષ્ટિ કરે અને જે જ્ઞાન થાય તેને આત્માનું જ્ઞાન કહેવાય છે. તે જ્ઞાનની સાથે અતીન્દ્રિય આનંદ આવે છે તે જ સાચું જ્ઞાન છે.

આઠ ઋદ્ધિ એટલે (૧) અણિમા, (૨) મહિમા, (૩) ગરિમા, (૪) લધિમા, (૫) પ્રાપ્તિ, (૬) કામ, (૭) વશીકરણ અને (૮) ઈશતા એ આઠ ઋદ્ધિઓ વડે નાનું અથવા મોટું રૂપ ધારણ થઈ શકે. લાખ યોજન મોટું શરીર બનાવે તેનાથી ધર્મની મહિમા નથી. ગરિમા ઋદ્ધિ વડે ભારે શરીર બને. લધિમા ઋદ્ધિ વડે એવું નાનું શરીર બનાવે કે પર્વતમાં પણ પેસી શકે. આવી ઋદ્ધિ અનંતવાર અભવિજીવને પણ પ્રાપ્ત થઈ છે તેનાથી આત્માની કોઈ મહિમા નથી. કામ ઋદ્ધિ એટલે ઈચ્છા પ્રમાણે જે કરવું હોય તે થઈ શકે. તે પણ કાંઈ આત્માને કામની વસ્તુ નથી. વશીકરણ ઋદ્ધિથી સામી વ્યક્તિ વશ થઈ જાય છે તેમાં પણ કાંઈ આત્માનું જ્ઞાન નથી.

કોઈ એમ કહેતો હતો કે અત્યારે વિશ્વમાં યુદ્ધ બહુ ચાલે છે તેથી હું વિશ્વને યુદ્ધ વગરનું જોવા માંગુ છું...અરે બાપુ! એમાં આત્માનું કાંઈ કલ્યાણ નથી કે કલ્યાણનું કારણ નથી.

ઈશત્વ ઋદ્ધિથી કોઈ મોટો રાજા થાય, દેવ થાય પણ તેથી શું? આઠેય પ્રકારની ઋદ્ધિ એ કોઈ જ્ઞાન નથી, ધર્મ નથી અને ધર્મને કારણે આવી ઋદ્ધિઓ મળે છે એમ પણ નથી. ઋદ્ધિઓ તો રખડવામાં નિમિત્ત છે, આત્માનું તેમાં કાંઈ હિત નથી.

આઠ સિદ્ધિઓ (૧) આચાર, (૨) શ્રુત, (૩) શરીર, (૪) વચન, (૫) વાચન, (૬) બુદ્ધિ, (૭) ઉપયોગ, (૮) સંગ્રહ—સંલીનતા. આમ આઠ પ્રકારની સિદ્ધિઓ છે તે પણ કાંઈ આત્માના જ્ઞાનનું સાધન નથી.

(૧) આચાર—છ-છ મહિનાના ઉપવાસ આદિ ક્રિયા કરે તેનાથી સિદ્ધિ પ્રાપ્ત થાય. તે આચારથી પ્રાપ્ત થયેલી હોવાથી આચારસિદ્ધિ છે.

(૨) શ્રુત—શાસ્ત્રના એક પદને જાણતાં ઘણા પદ જણાઈ જાય તે પણ એક સિદ્ધિ છે.

(૩) શરીર—શરીરનું રૂપ સુંદર હોય, એક-એક અવયવ એવા હોય કે જેને દેખીને દુનિયા રાજી થાય, પોતાને પણ અનુકૂળ હોય પણ તે કાંઈ આત્માનું જ્ઞાન—ધર્મ નથી તેથી આત્માને તેનાથી કાંઈ સિદ્ધિ નથી.

(૪) વાચન—વચન સિદ્ધિ એવી હોય કે તેના વચનથી લાખો માણસ રંજાયમાન થઈ જાય તે પણ કાંઈ આત્મા નથી, જ્ઞાન નથી.

(૫) વચન—તેના વચન અનુસાર બહારમાં કાર્ય થઈ જાય.

(૬) બુદ્ધિ—બહારમાં બુદ્ધિ બહુ કામ કરતી હોય તે તો રખડવાની બુદ્ધિ છે, આત્માને કાંઈ કામની નથી.

(૭) ઉપયોગ—બહારમાં ઉપયોગ એવો કામ કરે કે ફટફટ બધું જણાઈ જાય, તે પણ કાંઈ વસ્તુ નથી.

(૮) સંગ્રહ સંલીનતા—કોઈ ચીજો ભેગી કરવાની બુદ્ધિ હોય તે. મુસલમાન, કુંભાર વગેરેને પણ એવી સિદ્ધિ કોઈને હોય છે તો તેની પાસે વસ્તુ ભેગી થઈ જાય છે પણ તે કાંઈ આત્માને શાંતિ કે ધર્મનું કારણ નથી.

જાદુગરો પણ કેવા કેવા જાદુ બતાવે કે લાખો લોકો જોતા રહી જાય, કમાણી પણ લાખોની થાય, મોટા માણસો પણ ફીદા થઈ જાય....પણ એ બધું ધતીંગ છે. પૂર્વના પુણ્યથી એવો બધો યોગ બને છે પણ એ પુણ્ય ખવાઈ જાય છે ભાઈ! તારા પુણ્ય ખવાઈ જાય છે.

દુનિયા તો ગાંડી–પાગલ છે, તેને કાંઈ ભાન નથી. જાદુ કરીને લોકોને ધર્મ મનાવે તે કાંઈ ધર્મ છે! હાથ લાંબો કરે ત્યાં અનેક પ્રકારનું જાદુ બતાવે તેથી શું! એ કાંઈ ધર્મ કે જ્ઞાન નથી. તેમાં આત્માનો આશ્રય પણ નથી. પૂર્વ પુણ્યનું ફળ છે. જેને આત્માનું જ્ઞાન અર્થાત્ સમજણ કહીએ છીએ તે ચીજ એમાં નથી. અરે! શાસ્ત્રના જ્ઞાન એ પણ સમજણરૂપ જ્ઞાન નથી. ગમે તેટલાં ભણતર ભણે તે પણ કાંઈ જ્ઞાન નથી.

જ્ઞાન તો તેનું નામ કે જે ચૈતન્ય ભગવાનને સ્પર્શીને, આનંદ સહિત જ્ઞાન પ્રગટે તે જ્ઞાન છે. આ મુદ્દાની વાત છે.

શ્રોતા :—આવી મુદ્દાની વાત ગુરુ વિના કોણ કહે!

આ ૧૧૧નો અર્થ થયો. હવે ૧૧૨મા કહે છે કે આત્મા સિવાય બીજે ક્યાંય જ્ઞાન નથી, સમજણ નથી. આત્મા સમજણનો પિંડ છે તેની નજર અને આશ્રય કરતાં જે અતીન્દ્રિય આનંદ સહિત જ્ઞાન પ્રગટ થાય તેને જ ‘જ્ઞાન’ કહેવાય. બોલતાં આવડે, હજારોનું રંજન કરતાં આવડે તે જ્ઞાન નહિ.....

भेषमैं न ग्यान नहि ग्यान गुरु वर्तनमैं,
मंत्र जंत्र तंत्रमैं न ग्यानकी कहानी है।
ग्रंथमैं न ग्यान नहि ग्यान कवि चातुरीमैं,
बातनिमैं ग्यान नहि ग्यान कहा बानी है॥

तातैं भेष गुरुता कवित्त ग्रंथ मंत्र बात,
इनतैं अतीत ग्यान चेतना निसान है।
ग्यानहीमैं ग्यान, नहि ग्यान और ठौर कहूँ,
जाकै घट ज्ञान सोई ग्यानका निदानी है॥११२॥

અર્થ : વેષમાં જ્ઞાન નથી, મહંતજી બનીને ફરવામાં જ્ઞાન નથી, મંત્ર, તંત્ર, જંત્રમાં જ્ઞાનની વાત નથી, શાસ્ત્રમાં જ્ઞાન નથી, કવિતા-કૌશલ્યમાં જ્ઞાન નથી, વ્યાખ્યાનમાં જ્ઞાન નથી કારણ કે વચન જડ છે તેથી વેષ, ગુરુપણું, કવિતા, શાસ્ત્ર, મંત્ર-તંત્ર, વ્યાખ્યાન એનાથી ચૈતન્યલક્ષણનું ધારક જ્ઞાન જુદું છે. જ્ઞાન જ્ઞાનમાં જ છે, બીજે નથી. જેમના હૃદયમાં જ્ઞાન ઉત્પન્ન થયું છે તે જ જ્ઞાનનું મૂળ કારણ અર્થાત્ આત્મા છે.

વેષમાં જ્ઞાન નથી એટલે કે બાવા, જોગી આદિના વેષ લઈને પોતાને જ્ઞાની માને પણ વેષ એ કાંઈ જ્ઞાન નથી. લોકો વેષ જોઈને તેને જ્ઞાની માને પણ શ્રીમદ્ જેવા પાઘડી પહેરીને ગૃહસ્થાશ્રમમાં બેઠા હોય તેને જ્ઞાની ન માની શકે અને ત્યાગી, વેષધારી, નગ્ન થઈને બેઠા હોય તેના વચનને જ્ઞાન માને પણ તે જ્ઞાન નથી. ‘જ્ઞાન’ તો એનું નામ કે જ્ઞાનપિંડ ભગવાન આત્મામાંથી જે ધારાવાહી પરિણતી પ્રગટ થાય તેને મોક્ષના કારણરૂપ જ્ઞાન કહેવામાં આવે છે. એ જ્ઞાન તેને હિતકર છે. બાકી સંસારના જ્ઞાન અને જાણપણા તો બધા અહિતકર છે.

શ્રોતા :—ધારાવાહી જ્ઞાન એટલે શું?

પૂજ્ય ગુરુદેવશ્રી :—પોતાના ધ્રુવસ્વભાવમાંથી એકાકાર જ્ઞાન પ્રગટ થાય તે ધારાવાહી જ્ઞાન છે અર્થાત્ ધ્રુવ ચૈતન્ય કંદ પ્રભુમાં દૃષ્ટિ આપતાં જે જ્ઞાન પ્રગટે—સ્વનું જ્ઞાન થાય તે ‘જ્ઞાન’ છે, સમજાણું કાંઈ! આ શાસ્ત્ર વાંચે કે ચોપડા વાંચે તેનાથી જ્ઞાન થાય છે એમ નથી.

नहि ग्यान गुरु वर्तनमैं—મોટા મહંતજી બનીને ફરે તેથી કાંઈ કે જ્ઞાની થઈ જતાં નથી. જ્ઞાનાનંદસ્વભાવી આત્માનો આશ્રય લઈને જે જ્ઞાન પ્રગટે તે મહંત છે. બાકી, શાસ્ત્રોની પરીક્ષાઓ આપવાથી મહંત થવાતું નથી.

मंत्र जंत्र तंत्रमैं न ग्यानकी कहानी है। મંત્રો ઘણી જાતના હોય છે ને! સર્પ ઉતારવાના મંત્ર, વીંછી ઉતારવાના મંત્ર, ભૂત વળગ્યું હોય તેને કાઢવાના મંત્ર—એ

બધા જગતના ઝાંવા છે, મંત્ર નથી, જગતની ભ્રમણા છે. અરે! આ ભગવાન અરિહંતને નમસ્કારનો 'ણમો અરિહંતાણં' મંત્ર એ પણ યથાર્થમાં મંત્ર નથી, વિકલ્પ છે ત્યાં બીજા મંત્રની શું કિંમત! લોકોને મંત્ર-તંત્રની બહુ મહિમા અંદરમાં પડી છે પણ તે કાંઈ જ્ઞાન નથી.

જંત્ર, તંત્રમાં અનેક પ્રકારની ક્રિયા કરે પણ તે કાંઈ આત્માનું જ્ઞાન નથી, ધર્મ નથી.

**ग्रंथमें न ग्यान....**સમયસાર આદિ ગ્રંથ છે તેને ભણવા-સાંભળવાનો વિકલ્પ હોય છે પણ ગ્રંથ પોતે જડ છે, તેમાં જ્ઞાન નથી. કેટલાક એમ કહે છે કે પ્રતિમામાં કાંઈ જ્ઞાન નથી પણ જિનવાણીમાં તો ભગવાનની વાણી છે, પણ એમ નથી ભાઈ! ગ્રંથમાં જ્ઞાન કેવું! વાણી તો જડ—અજીવ છે, તેમાં જ્ઞાન નથી. પ્રતિમા અને વાણી બંને એકસરખા જડ છે.

જ્યારે સ્વરૂપમાં ઠરી ન શકે ત્યારે ધર્મીને પણ ભગવાનની પ્રતિમાના દર્શન, જિનવાણીનું વાંચન-શ્રવણ આદિ ભાવ આવે છે અથવા તે કાળે એ ભાવ હોય છે પણ તે હેય છે એમ સમજે છે.

વીતરાગતા ન થાય ત્યાં સુધી શુભરાગ આવ્યા વિના રહે નહિ પણ જ્ઞાની તેના કર્તા નથી. ભાવ આવે છે તેના જ્ઞાતા છે. જિનવાણીમાં સ્વ-પરનું કથન કરવાની શક્તિ છે તેથી ભેદજ્ઞાનમાં નિમિત્ત છે પણ જિનવાણીમાં જ્ઞાન નથી, તેથી નિશ્ચયથી પૂજ્ય નથી પણ આત્મહિતમાં નિમિત્ત હોવાથી વ્યવહારે પૂજ્ય કહેવામાં આવે છે. નિશ્ચયથી તો જ્ઞાનાનંદ ભગવાન જ પૂજ્ય છે. જ્યાં ચૈતન્યમૂર્તિ બિરાજે છે તેમાં નજર નાંખવાથી તેમાંથી જ્ઞાન આવે છે. જ્ઞાન ક્યાંય બહારથી આવતું નથી. ભણી ભણીને વિચારીને જે જ્ઞાન થાય તે જ્ઞાન નથી. જે ભણ્યો, જે વાંચ્યું, જે ધાર્યું તે જ્ઞાન નહિ—એમ કહે છે. જે જ્ઞાનમાં આત્માનો આશ્રય નથી અને જેની સાથે અતીન્દ્રિય આનંદ નથી તે જ્ઞાન જ નથી. આ વાતની ખબર વગર જીવ બહારથી જ્ઞાન લેવા માટે ભટક્યા કરે છે.

**नहि ग्यान कवि चातुरीमैं** શીઘ્ર કવિ હોય તે કોઈ બોલે ત્યાં તેવી આબેહૂબ કવિતા બનાવે પણ તે કાંઈ જ્ઞાન નથી. જેનામાં તરત કવિતા બનાવવાની તાકાત હોય તેને શીઘ્રકવિ કહેવાય પણ તેને કાંઈ આત્માનું જ્ઞાન નથી. તેના જ્ઞાનને જ્ઞાન કહેતાં નથી. જ્ઞાન તો એ કે ચૈતન્યપ્રભુ એકલો સમજણનો પિંડ છે તેને સ્પર્શીને, તેનો આશ્રય લઈને જે જ્ઞાન પ્રગટ થાય તે જ્ઞાન મોક્ષનો મારગ છે.

શાસ્ત્રનું જ્ઞાન ઘણું હોય, પ્રશ્નના જવાબ ફટ ફટ આપી શકતો હોય, પુસ્તક બનાવી શકતો હોય પણ તે કાંઈ જ્ઞાન નથી. ભગવાન ચૈતન્યપિંડમાંથી જે જ્ઞાનદશા પ્રગટ થાય તે જ જ્ઞાન છે, તેવા જ્ઞાનવાળાને ભલે બીજી આવડત ઓછી હોય, બોલતાં ન આવડતું હોય, બીજાને સમજાવતાં ન આવડતું હોય પણ પોતાનું કામ કરતાં આવડતું હોવાથી તેને જ્ઞાન છે તે યથાર્થ છે.

बातनिमैं ग्यान नहि વાત એટલે વ્યાખ્યાન કરતાં આવડવું તે જ્ઞાનનું કારણ નથી. અરે! નિરાશ્રય ભગવાન આત્માને પરનું કાંઈ શરણ નથી એવો તે સ્વતંત્ર શરણભૂત છે. જેને ત્રણ લોકના નાથનો પણ આધાર નથી એવો ભગવાન આત્મા છે; આવો આત્મા છે એમ જ્યાં સુધી બેસતું નથી ત્યાં સુધી એને આત્મા બરાબર શ્રદ્ધા-જ્ઞાનમાં બેઠો નથી તે મિથ્યાજ્ઞાનમાં ઊભો છે. આવી વાત છે બાપુ!

ग्यान कहा बानी है? વાણીમાં કાંઈ જ્ઞાન નથી. ચૈતન્યલક્ષણ જ્ઞાન તો બધાંથી નિરાળું છે. વાણી એટલે ભાષા લખેલી હોય કે બોલવારૂપે હોય તેમાં કાંઈ જ્ઞાન નથી. અરૂપી જ્ઞાન કાંઈ રૂપીમાં આવી જતું હશે! આ જે વાણી બોલાય છે તેમાં કાંઈ જ્ઞાન આવી જાય છે? ના; આ વાણી તો જડ છે. પણ વાણી છે તો જ્ઞાન થાય છે ને! એમ પ્રશ્ન થાય કેમ કે વાણીથી જ્ઞાન થતું ન હોય તો તો કોઈ સાંભળવા શું કામ જાય?

અરે ભાઈ! જ્યારે સાંભળવાનો વિકલ્પ હોય ત્યારે વાણી સાંભળવા જવાનો ભાવ પણ આવે, છતાં જ્ઞાન વાણીથી થતું નથી. એ વાત નક્કી છે. આવો વીતરાગનો મારગ છે ભાઈ!

બહિરલક્ષી જ્ઞાનમાં પણ હજુ આ તત્ત્વ જેને ન બેસે તેને યથાર્થ તત્ત્વ દૃષ્ટિમાં ક્યાંથી આવે! અનંતકાળથી ઓશિયાળો થઈને રખડે છે કે કોઈ મને આશીર્વાદ આપે તો કામ થઈ જાય!

तातैं भेष गुरुता.....इनते अतीत ग्यानचेतना निसानी है। ચૈતન્ય ભગવાનમાં જ્ઞાન છે અને જ્ઞાનનું લક્ષણ ચેતના છે. આ વેષ, ગુરુતા, મંત્ર-જંત્ર આદિથી જ્ઞાન તદ્દન જુદું છે. ચૈતન્યમાંથી જે જ્ઞાન આવે તેને જ સમ્યગ્જ્ઞાનનો અંશ કહેવામાં આવે છે.

ग्यानहीमैं ग्यान....જે અંતરજ્ઞાનમાંથી જ્ઞાન ઉપજ્યું એ જ જ્ઞાન છે, એ જ્ઞાનનું મૂળકારણ આત્મા છે. અંતે જ્ઞાનમાં જવાથી જ જ્ઞાન મળે તેમ છે. જ્યાં તું છો ત્યાં જા! તો જ જ્ઞાન થશે. બાકી, બહારમાં બહુ વાંચે, વિચારે ને ધારે તથા સંકલ્પ-વિકલ્પ કરે તેનાથી જ્ઞાન થઈ જાય તેમ નથી.

જ્ઞાનનું મૂળ—જ્ઞાનનો આધાર આત્મા છે માટે આત્મામાંથી જ જ્ઞાન આવે છે, બહારથી આવતું નથી. શાસ્ત્રમાં જ્ઞાન નથી માટે શાસ્ત્ર પણ જ્ઞાનનું કારણ નથી. જ્ઞાન થવામાં શાસ્ત્રને નિમિત્ત કહેવાય પણ નિમિત્ત એ કાંઈ ખરેખર કારણ નથી.

એક જ સત્ય—સમ્યગ્જ્ઞાનનું કારણ આત્મા છે. તેના આશ્રય વિના સાચું જ્ઞાન ત્રણ કાળમાં હોઈ શકે નહિ. પરમાત્મપ્રકાશમાં પણ કહ્યું છે કે શાસ્ત્રથી કે વાણીથી જ્ઞાન ન થાય. સમવસરણમાં ત્રણ લોકના નાથની વાણી સાંભળી લેવાથી જ્ઞાન ન થઈ જાય, જો દિવ્યધ્વનિ સાંભળવાથી જ્ઞાન થતું હોય તો, આ જીવ તો અનંતવાર સમવસરણમાં જઈ આવ્યો છે, ભગવાનની પૂજા કરી છે, દિવ્યધ્વનિ સાંભળી છે પણ જ્ઞાન તો ન થયું! માત્ર વિકલ્પ અને રાગ થયો.

સાધારણ માણસને એમ થાય કે ભગવાનની ભક્તિ કરવી, પૂજા કરવી, શાસ્ત્રની સ્વાધ્યાય કરવી એ તો આત્માનું જ્ઞાન પ્રગટ કરવાનું સાધન છે તેને કેમ ઉડાડે છે? ભાઈ! તને શું કહીએ! તારામાં સાધન નામનો ગુણ પડ્યો જ છે તે કારણ થઈને કાર્ય આવે તે સાચું જ્ઞાન છે. બાકી, પૂજા-ભક્તિ-વાંચનને સાધન કહેવાય છે તે વ્યવહાર છે. આ ૧૧૨મુ પદ્ય થયું, હવે ૧૧૩મુ પદ :—

भेष धरि लोकनिकौ बंचे सो धरम ठग,
गुरु सो कहावै गुरुवाई जाहि चहिये।
मंत्र तंत्र साधक कहावै गुनी जादूगर,
पंडित कहावै पंडिताई जामैं लहिये॥
कवित्तकी कलामैं प्रवीन सो कहावै कवि,
बात कहि जानै सो पवारगीर कहिये।
एतौ सब विषैके भिखारी मायाधारी जीव,
इन्हकौ विलोकिकै दयालरूप रहिये॥११३॥

અર્થ :—જે વેષ બનાવીને લોકોને ઠગે છે તે ધર્મ-ઠગ કહેવાય છે. જેમાં લૌકિક મોટાઈ હોય છે તે મોટો કહેવાય છે. જેનામાં મંત્ર-તંત્ર-સાધવાનો ગુણ છે તે જાદુગર કહેવાય છે. જે કવિતામાં હોશિયાર છે તે કવિ કહેવાય છે. જે વાતચિતમાં ચતુર છે તે વ્યાખ્યાતા કહેવાય છે. આ બધા કપટીજીવ વિષયના ભિખારી છે. વિષયોની પૂર્તિ

માટે યાચના કરતા ફરે છે, એમનામાં સ્વાર્થત્યાગનો અંશ પણ નથી. એમને જોઈને દયા આવવી જોઈએ.

भेष धरि....પંડિતનો વેષ રાખે, સાધુ વેષ રાખે, ત્યાગી જેવો વેષ પહેરે...એ બધા ધરમઠગ છે. અંતરમાં આત્માનો આશ્રય લીધા વિના, જ્ઞાન સમ્યક્ થયા વિના પોતાને ધર્મી મનાવવા છે, બીજા કરતાં પોતાને અધિક બતાવવા માગે છે તે બધા ઠગ છે. વેષ બનાવીને લોકોને ઠગે છે. ગૃહસ્થનો વેષ હોય તો લોકો ઠગાય નહિ. ગમે તેમ કરીને પોતાને મોટો બતાવવા માંગે છે.

गुरु सो कहावे.....લૌકિક બાબતમાં જે મોટા છે તેને પ્રમુખ, સંઘપતિ વગેરે નામોના પૂછડા લગાડાય છે. પણ બાપુ! એ કાંઈ મોટપની ચીજ છે! તને તારા આત્માની મોટપ નથી જોઈતી! દુનિયમાં કાંઈક મારી ગણતરી થાય કે હું કાંઈક છું, હું મોટો વક્તા છું, મારા જેવી વચનકળા બીજા પાસે નથી, હું બોલવામાં પ્રવીણ છું.....અરે! એ બધી મોટપ તો તને રખડવાનું કારણ છે. તું સ્મરણ કર ત્યાં દેવી હાજર થાય, દેવ હાજર થાય, જાદુગરી એવી કે તારી નજરબંધીથી લોકો અંજાઈ જાય. હીપ્નોટીઝમ કરે તો એ બોલાવે તેમ સામો માણસ બોલે....એ બધામાં કાંઈ સાર નથી. ધૂળ ધાણી ને વા’પાણી છે. જાદુગરી આદિમાં ધર્મ નથી. એ તો બધા ધતીંગ છે. તેમાં તારી જિંદગી ચાલી જાય છે.

पंडित कहावै पंडिताई जामैं लहिये। પંડિતાઈ વડે બીજાને પોતાનું જાણપણું બતાવીને મોટપ લેવી છે. એ પણ એક પ્રકારે વિષયના ભિખારી છે. કવિત્તની કળામાં હોશિયાર હોય તે કવિતા બનાવીને બીજા પાસેથી મોટપ લેવા માંગે છે તો એ પણ ભિખારી છે. પોતાનું નામ લખાવીને અભિનંદન માગે છે એ બધા પરવિષયના ભિખારી છે.

જે વાતચિતમાં ચટપટા છે, બોલતાની સાથે ઉત્તર આપી જાણે છે, મોટા વ્યાખ્યાતા છે, ૧૧ અંગ ને ૯ પૂર્વના જ્ઞાતા છે પણ ભગવાન આત્માનું પડખું હાથ ન આવ્યું અને મોટાઈ મનાવવા ઈચ્છે તે બધાં વિષયના ભિખારીઓ છે.

અરે! અંતરથી ચારિત્રદશા આવી નથી અને બહારથી ચારિત્ર લઈને જગતને ચારિત્ર બતાવવું છે તેને બહારથી જ પ્રભુતા બતાવવી છે.

મોટા ડોક્ટર હોય તે પહેલાં ઓનરરી (મફત) સેવા આપે છે તેની પાછળ હેતુ

તો એ હોય છે કે આપણી સેવા બહાર પડી જાય તો પછી દવાખાનું સારું ચાલે! એ ભિખારી છે. પોતાના નામના મોટા લખાણ લખાવે, જલસો કરાવે, ભાઈબંધોને કહે કે અમે મોટા હોશિયાર ડોક્ટર છીએ એમ બહાર પાડો....આ બધું કપટ શા માટે કરે છે ?—વિષયની ઈચ્છા પૂરી કરવા માટે ઊભી કરેલી માયાજાળ છે. પોતામાં કોઈપણ પ્રકારની બાહ્યમાં અધિકતા પ્રગટી હોય તે વડે પોતાની અધિકતા બહારમાં પ્રખ્યાત થાય એવી આશા છે તે ભિખારીપણું જ છે. બીજા મારા વખાણ કરે, ગણતરીમાં લે, મુખ્યતા આપે તો મને ઠીક પડે. એક પ્રશ્નનો ઉત્તર સારો કહેતા આવડે તોપણ એને એમ થઈ જાય કે મને બહુ સારું આવડે છે. માટે મને ગણતરીમાં બધા લ્યો!...આ ભીખ જ છે ને! અહા! ચૈતન્યપ્રભુ આનંદની ખાણ છે, શાંતિનો સાગર છે એની શ્રદ્ધા અને ભાન હોય તેને તો આત્મામાં એકાગ્ર થવાની ભાવના હોય, બહાર પડવાની ભાવના ન હોય, પોતાની અંદરથી મોટપ પ્રગટ કરવાની ભાવના હોય.

ઈન્દ્રિયના જ્ઞાન દ્વારા બહારમાં અધિકાઈ જેમને મનાવવી છે તે તો બધા વિષયોના ભિખારી છે. તેથી જ્યાં ને ત્યાં વિષયોની પૂર્તિ માટે યાચના કરતાં ફરે છે. તેને અંતરમાં ભગવાન આત્માની યાચના નથી. અહા! બનારસીદાસે પણ (ઘણું ખુલ્લું કર્યું છે) કહે છે કે એ વિષયોના ભિખારી—માયાધારી—કપટી છે. જેને વીતરાગના માર્ગે જવું છે તેને આવા ભિખારીપણા ન હોય બાપુ!

વનમાં ફૂલ ઉગ્યા હોય તેની સુગંધ સૂંઘવા કોઈ ન આવે તેથી કાંઈ તેની સુગંધ જતી રહે છે! સિદ્ધો અનંતા થઈ ગયા તેને કોઈ જાણતાં પણ નથી, તેના વખાણ કરતાં નથી તો તેમનું સિદ્ધપણું ચાલ્યું જાય છે! દુનિયા જાણે અને માને તો જ તેમની મહિમા રહે એવું છે?

દુનિયા પાસે મોટાઈ માગે છે તે બધા વિષયના ભિખારી જ છે. બીજાના કામને પોતાના ગણાવીને મોટાઈ માંગે છે એ તો માયાચારી મોટા માંગણ છે.

આવા બધાં ભિખારીઓ જોઈને દયા લાવવા જેવી છે. અરે! આવા વિષયભિખારીના ભાવના ફળ આકરાં છે એમ જાણીને તેના ઉપર દયા કરવી—દયા ખાવી.

*(ક્રમશઃ)*



### વૈભવશાળી ભગવાન આત્માના લક્ષે પ્રગટ થતો

# આત્મવૈભવ

## સર્વજ્ઞત્વ શક્તિ

विश्वविश्वविशेषभावपरिणतात्मज्ञानमयी सर्वज्ञत्व शक्तिः।

અહો ! આ વીતરાગમાર્ગ અલૌકિક છે. ભાઈ ! વીતરાગમાર્ગ એટલે તારો પોતાનો માર્ગ; તારા આત્મામાં જવાનો માર્ગ તને સંતો બતાવે છે. પોતે પોતાના સ્વઘરમાં પહોંચવાના આ રસ્તા છે. આ માર્ગની પ્રતીત કરતા સ્વભાવમાં સન્મુખતા થાય છે ને પરાશ્રિતપણાની બધી વાત ઊડી જાય છે. આ સિવાય બીજા ઊંધા માર્ગે આત્માના ઘરમાં પહોંચાય નહીં ને આત્માનો વૈભવ મળે નહિ. અહો, મારી શ્રદ્ધા, મારું જ્ઞાન, તેના રસ્તા–મારામાં જ છે, તે પરને લીધે થતાં નથી. પરના લક્ષ વગર સ્વના શ્રદ્ધા-જ્ઞાન થાય છે.

આત્મામાં સ્વતંત્ર પ્રભુતા ને સર્વજ્ઞતા છે, તેનો વિશ્વાસ કરતાં વિકલ્પ, રાગ કે પર સાથેની એકત્વબુદ્ધિ ઊડી જાય છે. પરને લીધે કે રાગને લીધે મારા શ્રદ્ધા-જ્ઞાન નહીં, મારા શ્રદ્ધા-જ્ઞાનમાં મારા સ્વભાવ સિવાય બીજા કોઈનું અવલંબન મને નથી. આમ સ્વશક્તિની પ્રતીતવડે સ્વસન્મુખતા થાય છે ને સાધકપણું પ્રગટે છે. સાધકભાવમાં પૂર્ણસાધ્યની પ્રતીત ભેગી જ વર્તે છે, અંશીના આશ્રયે તે અંશ ખીલ્યો છે.

અહા, કેવી સ્વતંત્રતા છે ! સ્વશક્તિના સ્વાધીન સામર્થ્યથી આત્મા કેવો શોભે છે ! ભાઈ ! તને તારા વૈભવની ખબર નથી તો તું પોતાના ધર્મને (પોતાના સ્વભાવને) કઈ રીતે સાધીશ ? નિજશક્તિની ઓળખાણ વગર પર્યાયમાં તે વ્યક્ત ક્યાંથી કરીશ ?

ભાઈ ! તારા ચૈતન્યમાં એક ગુપ્ત ચમત્કાર છે....શેનો?–કે જ્ઞાનનો; તારી જ્ઞાનશક્તિમાં અચિંત્ય ચમત્કાર છે. અહા, સર્વજ્ઞસ્વભાવના ચમત્કારની શી વાત? એ પર સામે જુએ નહિ છતાં પરને જાણે, એ રાગમાં અટકે નહીં છતાં રાગને જાણે, એ નિમિત્તનું અવલંબન લ્યે નહીં છતાં નિમિત્તને જાણે. આવા સર્વજ્ઞસ્વભાવને સ્વજ્ઞેયપણે ઉપાદેય કરતો ધર્મીજીવ રાગાદિ વ્યવહાર-આત્માને સ્વજ્ઞેયપણે નથી જાણતો ને તેમાં તન્મય થતો નથી; નિર્મળ શક્તિરૂપે પરિણમતા આત્માને જ સ્વજ્ઞેયપણે જાણીને તેમાં તન્મય થાય છે.

સ્વને જાણતું જ્ઞાન કે પરને જાણતું જ્ઞાન, બંનેનું જ્ઞાન તો એકરૂપ રાગ વગરનું છે

ને તે જ્ઞાન આત્માને જ અવલંબનારું છે. પરને જાણતું જ્ઞાન કાંઈ પરને અવલંબનારું નથી, રાગને જાણતું જ્ઞાન કાંઈ રાગને અવલંબનારું નથી; રાગથી ને પરથી ભિન્ન એવા નિજ સ્વભાવને અવલંબીને જાણવાની જ્ઞાનની તાકાત છે. આવા જ્ઞાનસામર્થ્યની પ્રતીત વગર સર્વજ્ઞભગવાનની સાચી ઓળખાણ થાય નહીં.

સર્વજ્ઞને ઓળખવા માટે આત્મસ્વભાવની સન્મુખ થવું પડે છે. સર્વજ્ઞને કેમ ઓળખવા તેની પણ અજ્ઞાનીને ખબર નથી. ભાઈ ! સર્વજ્ઞ એટલે તારો જ્ઞાનસ્વભાવ. સર્વજ્ઞને તે વ્યક્તરૂપ છે, તારામાં તે શક્તિરૂપ છે; તે શક્તિની સન્મુખતા વડે સર્વજ્ઞતા વ્યક્ત થશે. માટે તારી શક્તિની સન્મુખ થઈને તેની પ્રતીત કર તો તને સર્વજ્ઞની ખરી પ્રતીત થાય, તેનો ખરો મહિમા જાગે ને એ જ એમની આરાધના છે.

વસ્તુ કાંઈ દ્રવ્ય-ગુણ ને પર્યાય એમ જુદાજુદા ત્રણ ખંડરૂપ નથી, ત્રણે ધર્મસહિત અખંડ એક વસ્તુ છે. પોતાના શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયને સ્વજ્ઞેયપણે ધર્મી જાણે છે ને જગતના દ્રવ્ય-ગુણ-પર્યાયને પરજ્ઞેયપણે જાણે છે. રાગને વ્યવહારથી સ્વજ્ઞેયપણે જાણે છે, પરમાર્થસ્વજ્ઞેય તે નથી. આત્મામાં જ્ઞાનાદિ અનંત શક્તિની નિર્મળપર્યાયો પોતાના સ્વાધીન છ કારકથી સ્વતંત્રપણે થાય છે ને પરની પર્યાયો એનાં છ કારકોની સ્વાધીનતાથી થાય છે; એકબીજાના કારકો એકબીજામાં જતા નથી.

અહા ! તું સર્વજ્ઞતાનો ભંડાર ને તને તારી વસ્તુ જાણવી કઠણ પડે? જેમ ચક્રવર્તીનાં નિધાન કદી ખૂટે નહિ, તેમ આ ચૈતન્યચક્રવર્તી આત્મામાં બેહદ જ્ઞાન-નિધાન છે, ગમે તેટલું જાણવા છતાં જાણવાની એની તાકાત કદી ખૂટતી નથી. જગતના બધા નિધાનને જાણનાર અને જગતમાં બધાયથી ઉત્તમ એવા અપાર જ્ઞાનનિધાન આ ચૈતન્યચક્રવર્તી પાસે છે; બધાયને જાણવા છતાં ક્યાંય એનું જ્ઞાન મૂર્છાતું નથી; એ જ્ઞાનભંડારની શી વાત! શાંતિ ને આનંદ, પ્રભુતા ને વિભુતા, જીવન અને ચેતના, સ્વચ્છતા ને સર્વજ્ઞતા તથા વીર્યબળ, એવા નવનિધાન તો શું પણ અનંતા નિધાન આત્મામાં ભર્યા છે. ચક્રવર્તીનાં નિધાન તો મર્યાદિત છે, આત્માના અપાર અચિંત્ય નિધાન એવા છે કે સાદિ–અનંત કાળ ભોગવ્યા જ કરે છતાં કદી ખૂટે નહિ, ઓછું પણ થાય નહિ; એના સામર્થ્યની કોઈ પણ મર્યાદા નથી. સ્વમાં જે નિધાન ભર્યા છે તેનું લક્ષ કરતાં અચિંત્ય સામર્થ્ય ને સર્વજ્ઞપદનો વૈભવ પ્રગટ થાય છે; તેને માટે પરલક્ષ કરવું પડતું નથી, બીજા પાસે માગવું પડતું નથી. ભગવાન તારા જાણવાનાં નિધાન એવા કે લોકાલોકને જાણવા માટે વિકલ્પ ન કરવો પડે, ઈન્દ્રિય વગેરે કોઈનો આશ્રય ન લેવો પડે ને એક સમય કરતાં વધુ વખત લાગે નહિ—આટલી તો જેના એક ગુણની તાકાત, તો આવા અનંત ગુણ જેનામાં ભરેલા છે એ આત્મા કેવડો? ને એનો

વૈભવ કેટલો ? એવા ‘આત્મવૈભવ’ ને પ્રગટ કરવા પોતામાં જ જોવાનું છે, પર સામે જોવાનું નથી.

આવી સર્વજ્ઞશક્તિવાળા આત્માની પ્રતીત કરવા જાય ત્યાં રાગનું કર્તૃત્વ છૂટી જાય ને સ્વસન્મુખ પુરુષાર્થ જાગે; સ્વભાવના અનંત ગુણનાં નિધાન વ્યક્ત થઈને અનુભવમાં આવે ને અપૂર્વ આનંદ પ્રગટે. આમાં મોક્ષમાર્ગ આવી જાય છે. આવું અંતરમાં કરે ત્યારે તેને સર્વજ્ઞનો ભરોસો આવ્યો કહેવાય ને તેણે સર્વજ્ઞનો માર્ગ જાણ્યો કહેવાય. જ્ઞાનમાત્રમાં સ્થાપેલી અચલિત દૃષ્ટિવડે આ બધું નક્કી થાય છે.

પોતાની જ્ઞાનશક્તિ વડે ત્રણ કાળને જાણવાનો સમય એક છે, ત્રણ નથી, એક સમયમાં ત્રણ કાળને જાણે, અસંખ્યપ્રદેશી રહીને અનંત ક્ષેત્રને જાણે, રાગ-દ્વેષ વગર જાણે ને પ્રત્યક્ષ જાણે; આવા સર્વજ્ઞ–સામર્થ્યવાળો ભગવાન આત્મા છે તેના ભરોસે મોક્ષમાર્ગ પ્રગટે છે ને ભગવાન થવાય છે.

આવા જ્ઞાનની પ્રતીત વગર કોઈ ‘હોનહાર’ની વાત કરીને પુરુષાર્થહીન થાય તો એની વાત ખોટી છે. ભાઈ ! હોનહાર નક્કી કરનાર કોણ છે? જ્ઞાનથી એ નક્કી થાય છે કે જ્ઞાન વગર ? સર્વજ્ઞસ્વભાવી આત્મા નક્કી કર્યો ત્યારે હોનહાર નક્કી થયું—એને તો જ્ઞાનસ્વભાવ તરફ પરિણતિ ઝુકી ગઈ, એ જ્ઞાનપરિણતિમાં રાગનું અકર્તૃત્વ થઈ ગયું એટલે ભેદજ્ઞાન અને મોક્ષમાર્ગ થઈ ગયો. જ્ઞાનના આવા પુરુષાર્થ વગર જો તું હોનહારની વાત કરીને સ્વચ્છંદી થતો હો—તો તારી દૃષ્ટિ ઊંધી છે. હોનહારનું દ્વાર તો સ્વસન્મુખ–ઉદ્યમ છે.

જુઓ, ભગવાન અર્હન્તદેવે આત્માના લક્ષ્ય–લક્ષણ બતાવ્યા, તે એમ સૂચવે છે કે આવા લક્ષણ દ્વારા તું તારા સ્વ-લક્ષ્યને પ્રસિદ્ધ કર. એટલે સ્વસન્મુખ પુરુષાર્થ આમાં આવ્યો. લક્ષણ દ્વારા લક્ષ્યને નક્કી કરનારું જ્ઞાન વીતરાગી–પુરુષાર્થવાળું છે, એ કાંઈ પુરુષાર્થ વગરનું નથી. હા, એમાં રાગના કર્તૃત્વનો ઊંધો પુરુષાર્થ નથી પણ સ્વભાવની સન્મુખતાનો સમ્યક્ પુરુષાર્થ છે ને તેમાં સ્વવીર્ય, આનંદ, સ્વચ્છતા, પ્રભુતા વગેરે અનંત ધર્મોનું પરિણમન પણ ભેગું જ છે.

ભગવાન! તારો આત્મા ચિત્ચમત્કાર છે. એના નિર્ણયમાં અનંત કેવળી–સર્વજ્ઞ–સિદ્ધ ભગવંતોનો નિર્ણય સમાઈ જાય છે. વિશ્વને જાણે છતાં ક્યાંય રાગ-દ્વેષનો વિકલ્પ નહિ, ક્યાંય પરનો આશ્રય નહિ,—જ્ઞાનની એ શક્તિ આશ્ચર્યકારી છે; આત્માનો આ અદ્ભુત રસ છે, તેમાં જ વીતરાગી વીરતારૂપ વીરરસ છે ને તેમાં જ અનાકુળ સુખરૂપી શાંતરસ છે.

જેમ કાચના સ્વચ્છ ગોળામાં (હાંડીમાં) ચારેકોરની વસ્તુઓ સહેજે ઝળકે છે તેમ આત્માની સર્વજ્ઞતારૂપ ચૈતન્યગોળાના પ્રકાશમાં વિશ્વના પદાર્થો સહેજે ઝળકે છે. આવું વિશ્વપ્રકાશી રત્ન આત્માનાં નિધાનમાં પડ્યું છે ને એવા તો અનંતા મહા રત્નોના ભંડાર આત્મા છે. એક જ આત્મામાં દર્શન ને જ્ઞાન બે શક્તિ, બંને એક જ ક્ષેત્રમાં રહેનારી, બંને એક જ કાળમાં કાર્ય કરનારી, છતાં એક વિશ્વને સામાન્ય અવલોકનરૂપે દેખે ને બીજી વિશ્વને વિશેષપણે જાણે—એમ બંનેના કાર્યમાં ફેર છે,—એવો લક્ષણભેદ છે. આવા આશ્ચર્યકારી અનંત સ્વભાવોથી આ ભગવાન આત્મા ભરેલો છે. તે સ્વભાવના નિર્ણયમાં સમ્યક્ પુરુષાર્થ છે.

સર્વજ્ઞ ભગવાને લક્ષણ દ્વારા લક્ષ્યને લક્ષગત્ કરવાનો જે ઉપદેશ આપ્યો છે તે ઉપદેશ જીવોને સમ્યક્ પુરુષાર્થ કરાવવા માટે છે. અરિહંતદેવના શુદ્ધ દ્રવ્ય-ગુણ-પર્યાયોને જે જાણે તે પોતાના શુદ્ધ આત્માને જાણે, તે સમ્યગ્દર્શન પામે ને તેનો મોહ ક્ષય થાય—એમ ભગવાને કહ્યું છે ને એમ કહીને ભગવાને પુરુષાર્થ ઉપદેશ્યો છે; આત્માને જાણવા માટે જીવમાં તેવો પુરુષાર્થ છે ને તે પુરુષાર્થ માટે ભગવાનનો ઉપદેશ છે. ભગવાનને સાધકપણા વખતે જ્ઞાનસ્વભાવની સન્મુખતાનો પુરુષાર્થ કરતાં કરતાં, વચ્ચે રાગના કર્તાપણા વગરનો જે વિકલ્પ હતો, તેનાથી દિવ્યવાણીને યોગ્ય રજકણો (તીર્થંકરપ્રકૃતિની સાથે) બંધાયા; ને તે વિકલ્પ તોડીને સર્વજ્ઞ થતાં સમવસરણમાં સહજપણે જે દિવ્યવાણી નીકળી તે વાણીમાં પણ, પોતે જેવો સ્વસન્મુખ પુરુષાર્થ કર્યો હતો તેવો જ ઉપદેશ આવ્યો; તીર્થંકર ભગવંતોએ જે પોતે કર્યું એ જ બીજાને ઉપદેશ્યું; સ્વાશ્રયમાર્ગનો ઉપદેશ ભગવાને આપ્યો; જ્ઞાનસ્વભાવનો પુરુષાર્થ ભગવાને બતાવ્યો. અહો! તે ભગવંતોને નમસ્કાર હો! ભગવંતોએ ઉપદેશેલા એ સ્વાશ્રિતમાર્ગને નમસ્કાર હો!

જુઓ, આ ભગવાનના ઉપદેશની ઓળખાણ! ભગવાને શું ઉપદેશ્યું? જ્ઞાનલક્ષણ વડે લક્ષિત એવા અનંત શક્તિસંપન્ન આત્માને પ્રસિદ્ધ કરાવવા માટે (એટલે કે તેનો અનુભવ કરાવવા માટે) ભગવાને લક્ષ્ય—લક્ષણ ઉપદેશ્યા છે. આમાં જ્ઞાનલક્ષણને સ્વસન્મુખ કરવાનો પુરુષાર્થ છે; તેમાં વચ્ચે રાગનું કર્તૃત્વ નથી, વિકલ્પનું અવલંબન નથી. લક્ષ્યની પ્રસિદ્ધિ 'જ્ઞાન' લક્ષણ વડે થાય છે. આવા લક્ષ્ય-લક્ષણની વાત સાંભળવા જે ઊભો છે તે જીવ પોતાના અંતરમાં તેવા પ્રયત્ન વડે લક્ષ્યને પ્રસિદ્ધ કરવા માંગે છે ને એ પ્રયત્ન રાગ વગરનો છે, આવા પ્રયત્નવડે ભગવાન આત્માની પ્રસિદ્ધિ થાય છે. સ્વસન્મુખ જ્ઞાનપુરુષાર્થ વડે મોક્ષ સધાય છે.

સર્વજ્ઞસ્વભાવી આત્માને માનતાં શું થાય?

—તો કહે છે કે મોક્ષ માટેનો સ્વસન્મુખ પુરુષાર્થ ઊપડે. ભાઈ ! તારી વસ્તુનું જેવું સ્વરૂપ છે તેને તું લક્ષમાં લે. ખોટું લક્ષ કર્યું છે તેને બદલે જેવો સત્સ્વભાવ છે તેવો લક્ષમાં લે, તેથી અસત્ એવા રાગાદિનું કર્તાપણું મટીને સત્ એવા જ્ઞાનનો સમ્યક્ પુરુષાર્થ થશે. એક ક્ષણનું સત્સ્વભાવનું લક્ષ ટંકાર કરતું કેવળજ્ઞાનને લાવે ને સાદિ અનંત આનંદને આપે. અનંત અનંત કાળે પણ જે આનંદનો અંત ન આવે એવો અક્ષય આનંદ જેના ફળમાં પ્રાપ્ત થાય તે ધર્મની શી વાત ! ને એવો ધર્મ સ્વભાવના નિર્ણય વડે થાય છે; માટે વારંવાર આચાર્યદેવ કહે છે કે ભાઈ ! તું જાગૃત થા...ને તારા સ્વભાવને દેખ. તારો સ્વભાવ રાગમાં ભળી ગયો નથી પણ છૂટો છે; તેનો નિર્ણય કર.

એક માણસને એવી ટેવ કે જો ખુલ્લા આકાશને ન દેખે તો એને મુંજારો થાય; તેમ રાગની રુચિ આડે પોતાના ખુલ્લા જ્ઞાનગગનને અજ્ઞાની દેખતો નથી એટલે પરભાવના કર્તૃત્વમાં તે મુંજાઈ રહ્યો છે. રાગથી જુદું ખુલ્લું જ્ઞાન બતાવીને જ્ઞાની તેને કહે છે કે દેખ! આ તારું જ્ઞાન ખુલ્લું જ છે, એ રાગથી ઢંકાઈ નથી ગયું, રાગમાં એકમેક નથી થઈ ગયું; માટે તારા મુક્તસ્વભાવને દેખ, જેથી તારી મુંઝવણ મટશે ને તને તારો આનંદ અનુભવમાં આવશે.

જરાક પ્રતિકૂળતા આવે ત્યાં તું ઘેરાઈ જાય છે!—પણ ભાઈ!! એ પ્રતિકૂળતાના ઘેરામાં તારો જ્ઞાનસ્વભાવ ઘેરાઈ ગયો નથી, એ તો બધાયથી ઉપર છૂટો ને છૂટો તરી રહ્યો છે. અરે ! અનંતકાળમાં તેં આવી તો અનંતી પ્રતિકૂળતાને વેદી, નિગોદમાં ને નરકમાં તેં જે પ્રતિકૂળતાઓ વેદી તે વેદનને કેવળી પ્રભુ જ જાણે છે. અજ્ઞાનભાવે તું અનંત દુઃખ વેદી ચૂક્યો ભાઈ! અને છતાં તારો નિજવૈભવ નષ્ટ નથી થઈ ગયો. હવે એ અનંત દુઃખથી છૂટવાનો ઉપાય એ છે કે તારા નિજસ્વભાવના વૈભવને તું સંભાળ. તારા સ્વભાવની શાંતિ અનંતી છે, એવી અનંતી કે અનંત પ્રતિકૂળતાના ગંજ વચ્ચે પણ પોતે પોતાની શાંતિને વેદી શકે છે. અનંતી શાંતિના દરિયામાં અનંત સિદ્ધોનો સમૂહ મગ્ન છે; તારો સ્વભાવ પણ એવો જ ધ્રુવ શાંતિનો દરિયો છે, અકષાય–વીતરાગરસથી તે ભરિયો છે.

સંતોએ કરુણા કરીને આત્મસ્વભાવનો આવો વૈભવ બતાવ્યો પણ તે વૈભવને પ્રતીતમાં લેવાની તાકાત કોની? પ્રતીતમાં લેનારને પોતાનો સ્વભાવનો પુરુષાર્થ છે. પુરુષાર્થ વગરનો જીવ સર્વજ્ઞદેવે બતાવેલા નિજવૈભવને નીહાળી શકતો નથી. નિજસ્વભાવને નહીં દેખનારો જીવ, સર્વજ્ઞની વાણીના ગંભીર રહસ્યોનો નિર્ણય કરી શકતો નથી. અહા! જે સ્વભાવને નીહાળવાથી પરમાત્મપણું પ્રગટ થાય તેના મહિમાની શી વાત? અરે જીવ! તું સર્વજ્ઞનો પુત્ર છો, તું અરિહંતનો યુવરાજ છો, સર્વજ્ઞપદનું રાજ લેવાની તાકાતવાળો તું છો.

જિનસેનસ્વામીએ મહાપુરાણમાં ગૌતમગણધરને ‘સર્વજ્ઞના પુત્ર’ કહ્યા છે; સમ્યગ્દષ્ટિને કેવળીપ્રભુનો લઘુનંદન કહ્યો છે. પોતાનો સર્વજ્ઞસ્વભાવ જેણે પ્રતીતમાં લીધો તેનું પરિણમન સર્વજ્ઞતા તરફ વળ્યું, હવે અલ્પકાળમાં પોતે સર્વજ્ઞ થશે. આવી સર્વજ્ઞ થવાની શક્તિ આત્મામાં છે પણ નિજસ્વભાવને લક્ષમાં લીધા વગર સર્વજ્ઞશક્તિનો નિર્ણય થઈ શકે નહીં, પૂર્ણસ્વભાવની પ્રતીત કરતાં સાધકપણું થયું તે હવે પૂર્ણસ્વભાવના આશ્રયે અલ્પકાળમાં પૂર્ણતા પ્રગટ કરશે. તે પૂર્ણતાનું કારણ પોતામાં જ છે, તેનું સાધન પોતામાં જ છે.

જેણે સર્વજ્ઞશક્તિવાળા આત્માને જાણ્યો તેણે તેનું સાધન ને સાધ્ય બંને પોતામાં જાણ્યા; એટલે બીજા કોઈ બાહ્યસાધનની બુદ્ધિ તેને ન રહી; રાગને પણ સાધન તે ન માને. રાગાદિ ભાવો ખરેખર આત્મા નથી, તે તો અભૂતાર્થ–આત્મા છે; જ્યારે સ્વભાવનો નિર્ણય કરીને સાધકભાવમાં ચડ્યો ત્યારે નિર્મળપર્યાયરૂપે પરિણમેલો તે આત્મા ‘ભૂતાર્થ–આત્મા’ થયો, તે સાચો આત્મા થયો, તે ધર્માત્મા થયો....ને તે મોક્ષનો પંથી થયો....તેના અનંતા ગુણોનો સંઘ નિર્મળપર્યાયસહિત મોક્ષધામની યાત્રા કરવા ચાલ્યો.

આત્મા પોતે અનંતશક્તિનો એકરૂપ પિંડ છે, છતાં ભિન્નભિન્ન અનંતશક્તિનો રસ તેમાં સમાયેલો છે; તેની જે એક શક્તિ છે તે બીજી શક્તિરૂપ નથી—એમ શક્તિઓને એકબીજાથી અતત્‌પણું છે. ‘જ્ઞાનમાત્ર’ આત્માને લક્ષમાં લઈને અનુભવ કરતાં બધી શક્તિનો રસ એકસાથે અનુભવમાં આવે છે. અનંત ગુણ-પર્યાયનો આવો વૈભવ આત્માના અસંખ્યપ્રદેશમાં સમાઈ જાય છે. જે આવા આત્માને જાણે–માને–અનુભવે તેણે આત્માને ખરેખર ઓળખ્યો કહેવાય. તેને અનુભવમાં આત્મા પ્રસિદ્ધ થાય ને ત્યારે ધર્મ થાય.

*(ક્રમશઃ)*

★ ★ ★

રૂા. ૧૩,૨૮૪/– શ્રી મંથન અમીત ડગલી, લંડન, રૂપાળીબેન અમરચંદ ડગલી, અમરચંદ વાલજીભાઈ ડગલી હ. પૌત્ર ડૉ. મિલન (મયંક), પૌત્રી વિમલ તથા પુત્ર જિનબાળ અમરચંદ ડગલી, લંડન તરફથી આ અંકના પ્રકાશનાર્થે સહયોગ મળેલ છે.

રૂા. ૧૧,૦૦૧/– સ્વ. ચંદુલાલ શાંતિલાલ શાહના સ્મરણાર્થે કતારગામ મુમુક્ષુમંડળ, સુરત હ. ભદ્રેશભાઈ તરફથી આ અંકના પ્રકાશનાર્થ સહયોગ મળેલ છે.

શ્રી પુષ્પદંત-કવિકૃત

# યશોધર ચરિત્ર

(ગતાંકથી ચાલુ)

ત્યારબાદ અનેક ચંડકર્મા કિંકરો નર યુગલને શોધવા નદી કિનારે, નગર, ઉદ્યાન, ઉપવન, પર્વત અને ગુફા આદિમાં ગમન કરવા લાગ્યા. ત્યાં એ હિંસાના અવસરમાં પાર્થિવાનંદ નામના વનમાં સંઘ સહિત સુદત્ત નામના આચાર્ય આવ્યા.

મદનનો નાશ કરવાવાળા શ્રી સુદત્તાચાર્યએ વનનું અવલોકન કરીને એ પ્રકારે કહ્યું કે અહીં પત્ર અને ફળોનો નાશ થતો હોવાથી આ વનમાં સમ, દમ અને યમી સત્ય પુરુષોએ નિવાસ કરવો યોગ્ય નથી.

ત્યારબાદ ઉગ્ર તપથી દેદીપ્યમાન આચાર્યવર યમસ્થાન તુલ્ય સ્મશાન સ્થળે પહોંચ્યા. એ સ્મશાન શિયાળોએ વિદારેલા મૃતકોના સમૂહ અને ભયંકર અવાજ કરતાં કાગડા અને ગૃદ્ધ પક્ષીઓથી ભરેલું હતું. એ સ્મશાન નિષ્ફળ વૃક્ષોના શુષ્ક પત્રો, રાક્ષસોના મુખથી નીકળતાં ઉષ્ણ શ્વાસ તથા શૂળી પર ચઢાવેલા મૃતકોના ક્લેવરથી અત્યંત ભયંકર હતું.

એ સ્થાન ચોરોના સમૂહથી વ્યાપ્ત અને માંસભક્ષી પક્ષીઓ તથા નિશાચરના અવાજથી ગુંજતું હતું. એ ભયાનક સ્થાનમાં ઈન્દ્ર, ચન્દ્ર અને નાગેન્દ્રોના સમૂહ દ્વારા સ્તુતિયોગ્ય મુનિ, આર્યિકા, શ્રાવક અને શ્રાવિકા–એ પ્રકારે ચતુર્વિધ સંઘ સહિત શ્રી સુદત્તાચાર્ય પ્રાસુક અને પવિત્ર શિલા ઉપર બેઠા. એ મુનિસંઘ જીવોની દયામાં તત્પર મહા તપશ્ચરણ વડે શરીરનું શોષણ કરતાં હતા. સ્મશાન સ્થળમાં જિનદીક્ષાનું પાલન કરતાં ક્ષુલ્લક યુગલ કામદેવ નાશક પરમ ઈશ્વર ગુરુને નમસ્કાર કરી તેમની આજ્ઞા લઈને ભિક્ષા માટે ગમન કરવા લાગ્યા.

એ ક્ષુલ્લક યુગલ વિવિધ લક્ષણ સહિત ગાત્ર, પ્રહર્ષિત શરીર, કમલદલનેત્ર, જિનચરણોના ભક્ત, વિષયોથી વિરક્ત, પાપમળ અને મદથી રહિત, જૈન ધર્મમાં પૂર્ણ આસક્ત, નિજ ગુણોથી મહાન, નિજ શરીરની કાંતિથી સૂર્યને આચ્છાદિત કરતા, હાથમાં પાત્ર ધારણ કરેલા, નગર તરફ ગમન કરવા લાગ્યા. એ સમયે નિર્મળ અને તીક્ષ્ણ ખડ્ગ હાથમાં ધારણ કરેલા પાપકર્મમાં તત્પર ચંડકર્મા કિંકરોએ એ બાળવય ક્ષુલ્લક યુગલને જોઈને કહ્યું :

કિંકર :—હે બાળયુગલ! તમારું મળવું ખૂબ જ કષ્ટસાધ્ય હતું જે સહજમાં જ મળી ગયું—એમ કહીને યુગલની નજીક પહોંચી ગયા. ત્યાં દુ:ખનાશક, પાપવિઘાતક, સુંદરગાત્ર અને લાવણ્યપુરિત શરીરવંત યુગલને જોઈને કિંકરો પરસ્પર વાર્તાલાપ કરવા લાગ્યા.

એક :—ભાઈ! સત્ય કહેજે કે ગમે તેટલી શોધ કરત તોપણ ક્યાંય આવું રૂપવાન યુગલ મળી શકતું હતું? ક્યારેય નહીં.

બીજો :—મિત્ર! આમને લઈ જવાથી મહારાજ પારિતોષિક તો અવશ્ય આપશે જ. ભાઈ! આમના હાથ–પગ કેટલા કોમળ છે? આમનું સૌમ્ય શરીર કેવું હૃદયગ્રાહી છે? હવે જલ્દી આમને લઈને ચાલો, વિલમ્બનો સમય નથી.

ત્રીજો :—ભાઈ! જુઓ તો ખરા, આપણે એમને ઘેરી લીધા હોવા છતાં તેમના મુખમંડળ પર જરા પણ મલીનતા નથી દેખાતી.

અન્ય :—ભાઈ! તું પણ મૂર્ખ જ છો; ધૈર્યવાનોનું કોઈ વિપત્તિમાં મ્લાન મુખ થાય છે શું? ક્યારેય પણ નહીં.

અન્ય :—અરે ભાઈ! તમે બધા જ ઉત્તમ શ્રેણીના મૂર્ખ છો કેમ કે જેમ તેમ કરીને ઈચ્છિત વસ્તુનો લાભ થયો તેમાં પણ પોત પોતાના ગપ્પા મારો છો અને વ્યર્થમાં મોડું કરો છો. હવે જલ્દીથી ચંડિકાના મંદિરે લઈ ચાલો.

આ રીતે બધા કિંકરો ક્ષુલ્લક યુગલને ચંડિકાના મંદિરે લઈ ગયા. જે સમયે કિંકરોએ ક્ષુલ્લક યુગલનો હાથ બાંધીને મનુષ્યોને ભયકારક મસ્તક છેદ કરવાની વાત કરી તે શબ્દો સાંભળીને મદન વિજેતા અભયકુમાર નામના ક્ષુલ્લક મહારાજે પોતાની ક્ષુલ્લિકા બહેનને આ પ્રકારે સંબોધન કર્યું :

ક્ષુલ્લક :—બહેન! આ અવસરમાં મરણની શંકા કરી જરા પણ ભય નહીં કરતી, પરંતુ ભગવાન વીતરાગ અરિહંતદેવને પોતાના હૃદયમાં સ્થાપીને આ પ્રકારે વિચાર કર કે પૂર્વભવમાં જે અશુભ કર્મનું બંધન કર્યું છે તેના ઉદયથી શારીરિક કષ્ટ અવશ્ય થાય છે; તે કારણે કોઈ પણ મારા શરીરનું છેદન કરો, ભેદન કરો, મારા શરીરના રસ, રુધિર આદિનું પાન કરો, માંસનું ભક્ષણ કરો, ગર્દન કાપો પરંતુ ચિરકાળથી જે શાંતિભાવનો અભ્યાસ કર્યો છે તેના અનુસાર મનને શાંત કરવાવાળા મુનિજન અષ્ટગુણ સંયુક્ત સિદ્ધ પર્યાયને પ્રાપ્ત થઈ જાય છે.

કન્યા! કોઈ રાક્ષસ-રાજા તથા કિંકર જો આપણા પૌદ્ગલિક શરીરનો ઘાત કરે તો કરો પરંતુ તે જ્ઞાનપૂર્વક આપણા આત્માનો ઘાત નથી કરી શકતા. આવા અવસરમાં જૈનધર્મના જ શરણનું અનુસરણ કરવું યોગ્ય છે.

આ પ્રકારે પોતાના ક્ષુલ્લક ભાઈના ઉપદેશપૂર્ણ વચન સાંભળીને તે ચંદ્રમુખી ક્ષુલ્લકી આ પ્રકારે કહેવા લાગી :

ક્ષુલ્લકી :—ભ્રાતૃવર! તમે જે જિનસૂત્રાનુસાર નિર્મળ અને પવિત્ર ઉપદેશ આપ્યો તે

સર્વથા યોગ્ય છે. મેં આપના કથનની પૂર્વે જ આ વિચાર કરી રાખેલ છે કે મારા આ નાશવાન શરીરનું કોઈ પણ ઘાત કરો પરંતુ હું મારા જીવનને જીર્ણ તૃણ સમાન ગણું છું. મેં ચિરકાળથી જે ઉપશમનો અભ્યાસ કર્યો છે તેને જ નિજ હૃદયમાં ધારણ કરી કર્મોદયના ફળને ભોગવીશ.

આ ઉપર્યુક્ત પ્રકારે પરસ્પર વાર્તાલાપ કરતાં, જિનેન્દ્રનું સ્મરણ કરતાં ક્ષુલ્લક યુગલને યમરાજ સમાન રુદ્ર પદાતિઓ દ્વારા ભૈરવાનંદના કુટુંબને આનંદકારક દેવીના મંદિર પ્રતિ લઈ જવામાં આવ્યા.

એ મંદિરમાં તે ભૈરવાચાર્ય મહાધ્વનિ કરતો, ધનુષ્ય ઉઠાવતો, લોહદંડને ઘુમાવતો, લોખંડ–પિત્તળનાં આભૂષણો ધારણ કરતો, હાથમાં તીક્ષ્ણ છરી રાખતો, પોતાના ગુરુતાભાવને પ્રગટ કરતો, પોતાનું મહત્ત્વ દેખાડતો, સમસ્ત શરીર પર મૃગચર્મ લપેટેલો, પગમાં ઘુંઘરુથી ઝનકાર અને થપથપ શબ્દ કરતો તથા પોતાના વાળને ખોલીને પિશાચ સમાન પૂર્ણ માંસભક્ષી સદૃશ, ચંડિકાના ચરિત્રનું વર્ણન કરતો, નૃત્ય કરતો, અપૂર્વ દૃશ્ય બનાવી રહ્યો હતો.

એ જ સમયે ચંડિકા પોતાના નિવાસમાં મોઢામાં મસ્તક ખંડ ધારણ કરી નૃત્ય કરતી હતી. તે દેવીગૃહ પશુઓના રુધિરથી સિંચાયેલું, પશુઓના હાડકાઓની માળા લટકતી, પશુની જીભના પાત્રથી પૂજા થતી, પશુઓની ચરબીના દીપકથી પ્રકાશ થતો ઈત્યાદિ ભયંકર દૃશ્યયુક્ત દેવીગૃહમાં ચંડિકાદેવી અનેક ક્રીડા કરતી મહાભયાનક દૃશ્ય દેખાડતી હતી.

માંસલોલુપી નરનાથ મારિદત્ત પણ તે દેવીગૃહમાં બિરાજમાન હતા. દેવીગૃહમાં સ્થિત મારિદત્ત મહારાજે સમાગત શાંતિમુદ્રાયુક્ત અભયરુચિકુમાર ક્ષુલ્લક અને ચંદ્રમુખી ક્ષુલ્લકીનું અવલોકન કરી ઊભા થઈને હાથ જોડી આ પ્રમાણે શબ્દોચ્ચાર કર્યા :


મહારાજ :—શ્રીમાન્ ક્ષુલ્લક મહારાજ અને ક્ષુલ્લીકાજીને મારા સવિનય નમસ્કાર.


ક્ષુલ્લક :—હે શુદ્ધવંશની લક્ષ્મીરુપ કમલિનીના હંસ! હે રાજ ગણેશ! હે ગુણશ્રેણિયુક્ત યોગિરાજ! હે સ્નેહપૂર્ણ દાતા! હે ફળયુક્ત વૃક્ષવત્ નમ્ર! હે કલાકુલકલિત કલાધર! હે જલપુરિત સમુદ્રતુલ્ય ગંભીર! હે રાજન્! તારી ધર્મવૃદ્ધિ હો!

આ પ્રકારે પૂર્ણ નિશાકર સમાન બાળયુગલના શાંતિપૂર્ણ આશીર્વાદ સાંભળીને મહારાજ મારિદત્તના હૃદયમાંથી સમસ્ત રોષનું વિસર્જન થઈ ગયું. એ સમયે મહારાજા પોતાના હૃદયમાં વિચારવા લાગ્યા :

આહાહા! કેવું અનુપમ રૂપ વિધાતાએ બનાવ્યું છે! હા! દુષ્ટ વિધાતા! આ બંને સુકુમાર બાળક ક્યાં આવી ગયા? તેમણે સ્વજનોના સુખનો ત્યાગ કર્યો પણ તેમણે સમુદ્રપર્યંત પૃથ્વીનો ભોગ કેમ ન કર્યો? *(ક્રમશઃ)*

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ અંતર્ગત








# છઢાળા અધ્યયન વર્ષ

**સૌજન્ય : માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ, પરિવાર જલગાંવ**

## પ્રશ્નપત્ર ક્રમાંક-૧ (કુલ માર્ક્સ-૫૦)

અભ્યાસ ક્રમ – છઢાળા પ્રથમ ઢાળ

---

પરીક્ષાર્થીનું નામ : ........................................................ ઉંમર : ..........

મંડળનું નામ : .................................................... ગામનું નામ : ................

ફોન નં.: ........................................................ તા. ૨૩-૦૪-૨૦૧૨

સૂચના : (૧) પ્રશ્નપત્રના ઉત્તર હિન્દી અથવા ગુજરાતીમાં આપી શકાશે.

**(૨) પ્રશ્નોના ઉત્તર છઢાળા આધારિત આપવાના રહેશે.**

---

પ્રશ્ન : ૧ (અ) નીચે આપેલ પ્રશ્નોના ઉત્તર લખો. **(૧૨)**

(૧) છઢાળાના મંગલાચરણમાં કોને નમસ્કાર કર્યા છે ? શા માટે ?

(૨) ગ્રંથકારનો ગ્રંથરચનાનો હેતુ શો છે ? તે હેતુની પૂર્તિ તે કઈ રીતે કરવા માગે છે ?

(૩) આ ગ્રંથને શા માટે પ્રામાણિક માનવો જોઈએ ?

(૪) પહેલી ઢાળનો વિષય શું છે ? તેનું કથન ક્યા નયની મુખ્યતાથી છે ?

(૫) ગ્રંથકારે પ્રથમ ઢાળમાં સમ્યગ્દર્શનનું મહત્વ કઈ રીતે સમજાવ્યું છે ?

(૬) ગ્રંથકારે ત્રસ પર્યાયની દુર્લભતા કઈ રીતે સમજાવી છે ? કડી સાથે લખો.

પ્રશ્ન : ૨ નીચે આપેલ શબ્દોમાંથી છ શબ્દોના અર્થ વધુમાં વધુ બે લીટીમાં સમજાવો. (૧૨)

(૧) ત્રિયોગ (૨) મોહ મહામદ (૩) અર્ધમૃતકસમ (૪) સકામનિર્જરા (૫) ભવનત્રિક (૬) વિમાનવાસી (૭) અસંજ્ઞી (૮) નિગોદ (૯) પ્રત્યેક

પ્રશ્ન : ૩ નીચે આપેલા પ્રશ્નોમાંથી ગમે તે ત્રણ પ્રશ્નના ઉત્તર વધુમાં વધુ પાંચ લીટીમાં લખો. (૧૫)

(૧) ગ્રંથકારે કરેલ નરકગતિના દુ:ખોનું વર્ણન કરો. (૨) ગ્રંથકારે કરેલ તિર્યંચગતિના દુ:ખોનું વર્ણન કરો. (૩) ગ્રંથકારે કરેલ દેવગતિના દુ:ખોનું વર્ણન કરો. (૪) ગ્રંથકારે કરેલ મનુષ્યગતિના દુ:ખોનું વર્ણન કરો. (૫) ગ્રંથકારે સમજાવેલ નિગોદના દુ:ખો અને તેનું સ્વરૂપ દર્શાવો.

પ્રશ્ન : ૪ છઢાળાની પ્રથમ ઢાળમાં ચાર ગતિના દુ:ખોના સ્વરૂપને પૂજ્ય ગુરુદેવશ્રી કઈ વિશિષ્ટ રીતે સમજાવે છે? આ પ્રશ્નનો ઉત્તર વધુમાં વધુ ૨૦ લીટીમાં પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચનો તથા વીતરાગ-વિજ્ઞાન(છઢાળા પ્રવચનો)ના આધારે લખવો. ૧૧

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી જન્મજયંતી મહોત્સવ સમિતિ અમદાવાદના સૌજન્યથી

*અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં વિવિધ અદ્‌ભુતતાયુક્ત અત્યાનંદોલ્લાસથી ઉજવાયેલ*

# મંગળકારી ૧૨૩મો શ્રી કહાનગુરુ–જન્મમહોત્સવ

## પંચાહ્નિક આયોજન તથા ઉત્સાહ

ચરમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામીની દિવ્યધ્વનિથી પ્રસૂત તથા ભગવત્કુંદકુંદાચાર્યદેવ દ્વારા પ્રવાહિત સ્વાનુભવમુદ્રિત વિશુદ્ધ અધ્યાત્મધારાના સાતિશય પ્રભાવક અધ્યાત્મયુગસ્રષ્ટા ધર્મપુરુષ પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૧૨૩મો ભક્તવૃંદઆનંદકારી વાર્ષિક મંગલ જન્મોત્સવ, તેઓની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મ–અતિશયક્ષેત્ર સ્વાનુભૂતિતીર્થ શ્રી સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૧૯-૪-૨૦૧૨ થી તા. ૨૩-૪-૨૦૧૨ સુધી પંચાહ્નિક, ગુરુ-મહિમાદ્યોતક વિભિન્ન રોચક કાર્યક્રમ સહ અતિ ભવ્ય સમારોહપૂર્વક પ્રચુર આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવ્યો હતો. આ મંગલ મહોત્સવના આયોજક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી જન્મજયંતી મહોત્સવ સમિતિ, અમદાવાદનાં સર્વે સદસ્યોને આ ગુરુ–જન્મોત્સવને અતિશય આનંદોલ્લાસપૂર્વક ઊજવવાનો અતિ ઉત્સાહ હતો.

## ગુરુ-ભક્તિની પ્રેરણાદાત્રી

સ્વાનુભૂતિવિભૂષિત વીતરાગમાર્ગના દાતા, પરમોપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવ પ્રતિ ઉપકૃત-ભાવભીના ભક્ત્યુલ્લાસના આ મંગલ અવસર પર, કહાનગુરુ–ઉપકારમહિમા બતાવનાર પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ઉપકૃતભાવભીની પવિત્ર સ્મૃતિ સર્વે મુમુક્ષુઓને પોતાના સ્મૃતિપટ પર બરાબર ઉપસી આવતી હતી. જાણે સુવર્ણપુરીના અંતરીક્ષમાં તેઓની પરોક્ષ મંગલ ઉપસ્થિતિ જ મુમુક્ષુ ભક્તોને ગુરુભક્તિની સાતિશય ઉલ્લાસભરી પ્રેરણા આપતી હતી. ઉપરોક્ત સમિતિ દ્વારા આયોજિત આ પવિત્ર જન્મજયંતી–સમારોહમાં સર્વે મુમુક્ષુસમાજે તે કલ્યાણી મૂર્તિની ભક્તિપ્રેરણા ઝીલીને આ ૧૨૩મો ગુરુ–જન્મોત્સવ અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઊજવ્યો.

## ધર્મપ્રભાવનાપૂર્ણ આયોજન

ગુરુ–જન્મોત્સવની આ પવિત્ર વેળાએ ભારતના વિવિધ પ્રાંતોમાંથી લગભગ ૩૫૦૦ થી અધિક ગુરુભક્તો આવ્યા હતા. જેઓ અહીંના આત્મહિતપોષક કાર્યક્રમોથી ખૂબ જ પ્રસન્ન દેખાતા હતા. પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય ભગવતી માતા પ્રતિ સમર્પિત શ્રદ્ધાજીવનયુક્ત મુમુક્ષુઓ દ્વારા, આપણા આદરણીય, ઊંડા આદર્શ આત્માર્થી, કુંદકુંદ-પરમાગમ-સફળ-ગદ્યપદ્યાનુવાદક, ગુરુભક્ત પંડિતરત્ન શ્રી હિંમતલાલભાઈ જેઠાલાલ શાહની ગુરુભક્તિભીની ઉલ્લાસવર્ધિની કલ્યાણી પંચ-પરમાગમ–ગુર્જરઅનુવાદરૂપ–ઉપકારછાયામાં ઉજવાયેલ આ ગુરુ–જન્મોત્સવ વસ્તુતઃ સર્વેને ધર્મપ્રભાવના વૃદ્ધિકારી તથા આનંદદાયી અનુભૂત થયો હતો.

## વિશાળ પૂજન મંડપમાં શ્રી સમવસરણ પૂજન વિધાનનું આયોજન

સ્વાધ્યાયમંદિરના આગળના ભાગમાં આયોજક દ્વારા તૈયાર કરાવાયેલ વિશાળ ભવ્ય પૂજન મંડપમાં સમવસરણમાં, શ્રી સીમંધર ભગવાનને બિરાજમાન કરી અત્યંત ભવ્ય મંડલ તૈયાર કરવામાં

આવ્યું હતું. જેમાં ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ, ફેતહમંદ રાજકુમાર તથા શ્રેષ્ઠીપુત્ર દેવકુમાર આદિ ભગવાનને વંદન કરતા દર્શાવવામાં આવ્યા હતા. સર્વે મુમુક્ષુજનોએ આ પૂજન વિધાનનો અત્યંત ભક્તિ-ઉલ્લાસથી લાભ લીધો હતો.

## ઉત્સવનો દૈનિક કાર્યક્રમ

આ મંગલ મહોત્સવમાં પ્રતિદિન ગુરુભક્તિ–પદોથી અંકિત ભવ્ય 'બેનર' તથા વિવિધ ભવ્ય સજાવટોથી વિભૂષિત મનોહર મંડપમાં ક્રમશઃ સવારે પૂજ્ય બહેનશ્રીની દેવગુરુભક્તિ તથા સ્વાનુભવ-રસભીની વિડિયો-ધર્મચર્ચા, પૂજન મંડપમાં શ્રી સમવસરણ પૂજન વિધાન, પૂજ્ય ગુરુદેવશ્રીનું શ્રી સમયસાર કળશ પર અધ્યાત્મ–રસપૂર્ણ સીડીપ્રવચન, પ્રાસંગિક–ગુરુભક્તિ, ધાર્મિક શિક્ષણવર્ગ; બપોરે સમાગત વિદ્વાનો દ્વારા શાસ્ત્ર પ્રવચન, પરમાગમ મંદિર તથા પૂજન મંડપમાં જિનેન્દ્રભક્તિ, શિક્ષણવર્ગ, સાંજે વિવિધ સાંજી તથા રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીનું 'બહેનશ્રીનાં વચનામૃત' ઉપર સીડી પ્રવચન, તથા વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમ.–આ પ્રક્રમ બરાબર નિયમિત સુચારુરૂપે ચાલતો હતો. આ મહોત્સવમાં મંડપ મોટો બાંધવામાં આવ્યો હતો છતાં વિધાન પૂજા, પ્રવચન તથા ભક્તિના પ્રત્યેક કાર્યક્રમમાં મુમુક્ષુઓની ઉપસ્થિતિથી જગ્યા પૂરી ભરાઈ જતી હતી. ઉત્સવ દરમ્યાન સાંજે પરમાગમમંદિરમાં અમદાવાદના મુમુક્ષુ પરિવારો દ્વારા ભવ્ય અને ભક્તિસભર સાંજી ભક્તિનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ભક્તિ વખતે પરમાગમમંદિરમાં સુંદર ઝાંખી પ્રસ્તુત કરવામાં આવી હતી. ઉત્સવના ચોથે દિવસે મલાડના યુવકો દ્વારા સમવસરણનો **Light & Sound Show** પ્રસ્તુત કરવામાં આવ્યો હતો જેમાં બ્ર. કોકિલાબેન દ્વારા સમવસરણનું ભાવવાહી તેમજ વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું હતું જે બધાને ખૂબજ રોચક લાગ્યું હતું.

## ભવ્ય રથોત્સવ તથા કહાનકુંવર–પારણાઝૂલન

વાર્ષિક ગુરુ–જન્મોત્સવના હર્ષોપલક્ષમાં તા. ૨૨-૪-૨૦૧૨ના દિવસે સાંજે 'ધાતકી–વિદેહના ભાવિ–તીર્થંકરદેવ'ના સમવસરણ–વિહારરૂપ ભવ્ય રથોત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. નવનિર્મિત ભવ્ય રથની ગંધકૂટી પર બિરાજમાન ભાવિ–ભગવાનનો સમવસરણવિહાર સર્વે ભક્તોને અતિ આનંદપ્રદ અનુભૂત થતો હતો. રથમાં જિનેન્દ્ર ભગવાનને બિરાજમાન કરવાનો લાભ શ્રી નિરંજનભાઈ ડેલીવાળા, સુરેન્દ્રનગરને તથા ભગવાનના રથના સારથી બનવાનો લાભ શ્રી છગનલાલ કાળીદાસ વાઘર પરિવાર, જામનગરને પ્રાપ્ત થયો હતો. રથયાત્રામાં વિભિન્ન અનેક ભવ્ય સજાવટ સાથે 'કહાનકુંવરના પારણાઝુલન' નો અતિ મનોહર ફ્લોટ બધાનું ગુરુભક્તિભીનું ચિત્ત પોતાની તરફ કેન્દ્રિત કરતો હતો. (પારણાઝૂલનની બોલીનું સૌભાગ્ય શ્રી દામોદરદાસ હંસરાજ મોદી પરિવાર, અમદાવાદને સંપ્રાપ્ત થયું હતું.) આ મંગલ રથોત્સવની ભવ્યતા જોઈને ઇતર ગ્રામજનતા પૂજ્ય ગુરુદેવશ્રીની અસાધારણ મહિમાનું સ્મરણ કરતી હતી. બ્રહ્મચારિણી બહેનોએ મહિલા વિભાગમાં તથા ભજનમંડળીએ પુરુષ વિભાગમાં મધુરા સંગીત દ્વારા રથોત્સવનું વાતાવરણ ભક્તિમય તથા અત્યંત રોચક બનાવી દીધું હતું.

ઉત્સવના ચારે દિવસ શ્રી અમદાવાદના મણિનગર, નવરંગપુરા, ખાડિયા મુમુક્ષુમંડળના યુવકો, યુવતીઓ તથા બાળકો અને સોનગઢ વિદ્યાર્થીગૃહના વિદ્યાર્થીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલ નાટિકાઓ, ઇન્દ્રસભા, વિવિધ ભક્તિ નૃત્યો, બાળસંવાદો સહિત રજૂ કરવામાં આવેલ સાંસ્કૃતિક કાર્યક્રમોથી સમગ્ર મુમુક્ષુસમાજ અત્યંત ભાવવિભોર થઈ ગયો હતો.

## ગુરુ-જન્મોત્સવ : વૈશાખી બીજ
## સભામંડપની શોભા તથા બીજનો કાર્યક્રમ

ગુરુ-જન્મ જયંતીના વાર્ષિક મંગલ દિવસે, મનોહર દ્રશ્યોથી વિભૂષિત સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશાળ ભવ્ય પ્રતિકૃતિ (સ્ટેચ્યુ) સમક્ષ ક્રમશઃ પ્રાતઃદર્શન, સદ્ગુરુદેવસ્તુતિ તથા પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી પ્રતિ પ્રણિપાત-સ્તુતિ, પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીનું વિડિયો-'માંગલિક', બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા, પ્રાસંગિક ભક્તિ તથા વંદના, પૂજન-મંડપમાં શ્રી સમવસરણ પૂજન વિધાનનું સમાપન, સભામંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન; તત્પશ્ચાત્ પૂજ્ય બહેનશ્રીએ કરેલી ગુરુજન્મવધાઈ તથા ગુરુભક્તિનાં વિડિયો દ્વારા દર્શન, તથા ગુરુ-જન્મવધાઈનો ભક્તિરસપૂર્ણ કાર્યક્રમ થયો હતો. વધાઈ વેળાએ આયોજકો દ્વારા સુંદર રીતે સ્ટેજ શણગારવામાં આવ્યું હતું. તે સમયે શ્રી સીમંધર ભગવાનના સમવસરણની રચના કરવામાં આવી હતી જેમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ તેમજ ફતેહમંદ રાજકુમારનું આગમન દર્શાવવામાં આવ્યું હતું. અમદાવાદ મુમુક્ષુમંડળના યુવકો, યુવતીઓ અને બાળકો દ્વારા એક રોચક ભક્તિ-નૃત્ય દ્વારા પૂજ્ય પૂજ્ય ગુરુદેવશ્રીનું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારે સૌ મુમુક્ષુ ભાઈ-બહેનો પૂજ્ય ગુરુદેવશ્રી જાણે સાક્ષાત્ પધારતા હોય એવો ભાવ અનુભવતા હતા.

પૂજ્ય ગુરુદેવશ્રીને પ્રથમ વધાવવાનો લાભ શ્રીમતી હર્ષાબેન રાજેશભાઈ ઝવેરી પરિવારને પ્રાપ્ત થયો હતો. બપોરે શાસ્ત્રપ્રવચન, દેવગુરુભક્તિ; સાંજે જિનેન્દ્ર આરતી, પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન, વગેરે કાર્યક્રમ થયા હતા. ઉત્સવમાં મળેલ ગુરુદર્શન, ગુરુવાણી તથા બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચાથી સમાગત મહેમાનોને અત્યંત આનંદાનુભૂતિ થતી હતી.

આ ઉત્સવ દરમ્યાન ''છઢાળા અધ્યયન વર્ષ''નું ઉદ્ઘાટન ટ્રસ્ટના પ્રમુખ શ્રી હસમુખભાઈ વોરાના હસ્તે કરવામાં આવ્યું હતું, જેના સૌજન્યનો લાભ માતુશ્રી લલિતાબેન વ્રજલાલ શાહ પરિવાર, જલગાંવને પ્રાપ્ત થયો હતો.

આ મંગલ અવસર પર સર્વશ્રી બ્ર. વજુભાઈ (વઢવાણ) ઉપસ્થિત હતા. બપોરનાં શાસ્ત્ર પ્રવચન શ્રી વિરાટભાઈ વોરા(અમદાવાદ), શ્રી અતુલભાઈ કામદાર (હૈદરાબાદ), શ્રી શૈલેષભાઈ ગાંધી (રાજકોટ), શ્રી નિરંજનભાઈ (સુરત), શ્રી રમેશભાઈ મહેતા (સોનગઢ)એ ગુરુભક્તિપૂર્ણ કર્યાં હતાં. તથા ધાર્મિક શિક્ષણવર્ગમાં શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર), શ્રી રમેશભાઈ મહેતા (સોનગઢ)એ અધ્યાપનકાર્ય ગુરુમહિમાપૂર્ણ સુંદર શૈલીથી કર્યું હતું. તથા બહેનોમાં બ્ર. આશાબેને શિક્ષણ આપ્યું હતું.

**સ્થાયી મંડલ વિધાન પૂજા** : આ મંગળ અવસર પર સ્થાયી મંડલવિધાનપૂજા ૧૫૭ મહાનુભાવો તરફથી તથા પ્રાસંગિક મંડલવિધાનપૂજા પાંચ મહાનુભાવો તરફથી રાખવામાં આવી હતી.

પ્રસ્તુત કહાનગુરુ-જન્મોત્સવના પાંચે દિવસ સમાગત મહેમાનો માટે તથા સ્થાનીય મુમુક્ષુમંડળ માટે સવારે તથા સાંજે જમણ (–સ્વામીવાત્સલ્ય) જન્મોત્સવ-આયોજક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી જન્મજયંતી મહોત્સવ સમિતિ, અમદાવાદ તરફથી તથા સ્થાયી જમણ ૧૨ મહાનુભાવો તરફથી રાખવામાં આવ્યું હતું.

આ મંગળ અવસર પર સંસ્થાને નીચે પ્રમાણે કુલ રૂા. ૬,૮૦,૩૯૭=૦૦ની ઉપજ થઈ હતી—

| | | |
|---|---|---|
| ૧. | ૧૨૩ના અંકમાં ૧૨૩ × ૧૦૨૪ | ૧,૨૫,૯૫૨=૦૦ |
| ૨ | પ્રાસંગિક વિધાનપૂજા ૧૦૦૦ × ૫ | ૫,૦૦૦=૦૦ |
| ૩. | રથયાત્રામાં બોલી | ૧,૪૭,૦૧૦=૦૦ |
| ૪. | રૂા. ૧૦૦૦ની વધાઈ ૧૦૦૦ × ૫ | ૫,૦૦૦=૦૦ |
| ૫. | રૂા. ૫૦૦ની વધાઈ ૫૦૦ × ૫૬૯ | ૨,૮૪,૫૦૦=૦૦ |
| ૬. | જિનેન્દ્ર-આરતીમાં | ૪,૭૬૮=૦૦ |
| ૭. | રથયાત્રા, પારણાઝુલન તથા જન્મવધાઈ સ્ટેજ પર | ૧,૦૮,૧૬૭=૦૦ |
| | કુલ રૂા. | ૬,૮૦,૩૯૭=૦૦ |

તદ્ઉપરાંત મહોત્સવનો બધો ખર્ચ આયોજક પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી જન્મજયંતી મહોત્સવ સમિતિ, અમદાવાદ તરફથી આપવામાં આવ્યો હતો. * * *

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

* **શ્રુતપંચમી પર્વ** :–જેઠ સુદ ૫ તા. ૨૬-૫-૨૦૧૨ને શનિવારના દિવસે શ્રુતપંચમી પર્વ શ્રી ષટ્ખંડાગમ જિનવાણીની પૂજા-ભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઉજવવામાં આવશે.

## વૈરાગ્ય સમાચાર :—

ધારીનિવાસી (હાલ મલાડ-મુંબઈ) શ્રી હસમુખરાય દલીચંદ ગાંધી (વર્ષ-૭૧) તા. ૧૧-૧-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ મલાડની દરેક ધાર્મિક પ્રવૃત્તિઓમાં રુચિપૂર્વક નિયમિત લાભ લેતા હતા. સોનગઢ અવારનવાર આવીને લાભ લેતા હતા.

સુરેન્દ્રનગરનિવાસી (હાલ-અમદાવાદ) બ્ર. ઉષાબેન વૃજલાલ શેઠ (વર્ષ—૭૦) તા. ૨૨-૧-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપસ્થિતિમાં ઘણા વર્ષો સુધી સ્થાયી રહીને તત્ત્વનો ઘણો લાભ લીધો હતો. છેલ્લા કેટલાક વર્ષોથી અમદાવાદ રહેવાનું બનતા ખાડિયા મંદિરે સવાર-સાંજ પૂજ્યશ્રીના ટેપ-પ્રવચનોનો તેમજ જિનમંદિરની દરેક પ્રવૃત્તિનો નિયમિત લાભ લેતા હતા.

અમદાવાદનિવાસી શ્રી ચંદુલાલ કચરાલાલ શાહ (વર્ષ-૯૦) તા. ૨૬-૧-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓના અથાગ પરિશ્રમથી આશિષનગર—અમદાવાદમાં જિનમંદિરનું નિર્માણ થવા પામ્યું હતું.

નાઈરોબીનિવાસી નાઈરોબી મંડળના ઉપપ્રમુખ શ્રી શશીકાંતભાઈ દેવજીભાઈ માલદેના માતુશ્રી

દીવાળીબેન (વર્ષ-૯૯) તા. ૬-૨-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ નાઈરોબીની ધાર્મિક પ્રવૃત્તિમાં ઉત્સાહથી લાભ લેતા હતા. સોનગઢ અવારનવાર આવીને ૪-૫ મહિના રહીને તત્ત્વનો લાભ લેતા હતા.

મોરબીનિવાસી (હાલ-સોનગઢ) સવિતાબેન સુંદરલાલ શાહ (વર્ષ-૯૫) તા. ૧૦-૨-૧૨ના રોજ ઘણા જ શાંત પરિણામપૂર્વક સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા ૬૦ વર્ષોથી પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વજ્ઞાનનો લાભ લેતા હતા. છેલ્લા ૩૦ વર્ષથી સોનગઢ સ્થાયી રહીને તત્ત્વનો વિશેષ લાભ લીધો હતો.

બોટાદનિવાસી (હાલ-વિલેપાર્લા) મંજુલાબેન કિશોરભાઈ ગોપાણી (વર્ષ-૮૦) તા. ૧૫-૨-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ નિયમિત દેવ-દર્શન-પૂજન તેમજ સ્વાધ્યાયમાં રત રહેતા હતા.

વિછિયા નિવાસી (હાલ-મલાડ) સ્વ. ચંદુલાલ હિંમતલાલ ડગલીના ધર્મપત્ની વિમળાબેન (વર્ષ-૭૮) તા. ૧૫-૨-૨૦૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ અવારનવાર સોનગઢ આવીને લાભ લીધો હતો.

મોરબીનિવાસી (હાલ-દાદર) પ્રભાબેન કાંતિભાઈ મહેતા (વર્ષ-૮૪) તા. ૨૬-૨-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

જામનગરનિવાસી (હાલ-અમદાવાદ) કંચનબેન જયંતીલાલ મહેતા (વર્ષ-૮૭) તા. ૧૨-૩-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

સુરતનિવાસી લીલાબેન ભીખુભાઈ પટેલ (—તે શ્રી હરિભાઈ પટેલની ભાણેજ) (વર્ષ-૫૭) તા. ૨૩-૩-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

લિંબડીનિવાસી (હાલ-રાજકોટ) શ્રી હસમુખભાઈ કેશવલાલ શેઠ (વર્ષ-૭૮) તા. ૨૭-૩-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓને તત્ત્વની ઊંડી જિજ્ઞાસા હતી.

બોટાદનિવાસી (હાલ-માટુંગા) કુંદનબેન ધીરજલાલ ગાંધી (વર્ષ-૮૮) તા. ૩-૩-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવારનવાર સોનગઢ આવીને લાભ લેતા હતા.

સોનગઢનિવાસી શ્રી પ્રદીપભાઈ મનસુખલાલ દેસાઈ (વર્ષ-૫૯) તા. ૩-૩-૧૨ના રોજ સુરતથી સોનગઢ રાત્રે આવતાં બસમાં પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળતાં-સાંભળતાં ઓચિંતા હાર્ટ-એટેક આવતાં એકાદ કલાકમાં સ્વર્ગવાસ પામ્યા છે. તેઓનો જન્મ સોનગઢમાં થયો હતો. બાળપણ પૂજ્ય ગુરુદેવશ્રીની છત્રછાયામાં જ વ્યતીત થયેલું. સુરત રહેવાનું બનતા ત્યાં મંડળની ધાર્મિક બધી જ પ્રવૃત્તિઓમાં જવાબદારીપૂર્વક ખૂબ ઉત્સાહથી લાભ લેતાં હતા. છેલ્લા છ વર્ષથી તેઓ નિવૃત્તિથી સોનગઢ સ્થાયી રહેતા હતા. આખું જીવન મુખ્યપણે તત્ત્વ-અભ્યાસમાં રુચિપૂર્વક ગાળ્યું હતું ને પૂજ્ય ગુરુદેવશ્રીની કરુણાનો ઘણો લાભ પામ્યા હતા.

વિલેપાર્લે (મુંબઈ)નિવાસી કંચનબેન છોટાલાલ પુનાતર (વર્ષ-૯૩) તા. ૩-૩-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ નાની ઉંમરમાં વિધવા થયા પછી આખું જીવન પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વની ઉપાસનામાં ગાળેલ હતું.

મોરબીનિવાસી સ્વ. રતિલાલ માણેકચંદ સંઘવીના પુત્રવધૂ શ્રીમતી રંજનબેન રજનીકાંત સંઘવી (વર્ષ-૬૮) તા. ૨૨-૪-૧૨ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. રોજ નિયમિત પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ પ્રવચન આદિ ધાર્મિક લાભ લેતા હતા.

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

❀ શાસ્ત્રથી જ્ઞાન નથી તેમ કહ્યું, તેથી કોઈ શાસ્ત્ર-અભ્યાસ છોડી દે તો ઊલટો અશુભમાં જશે. આ તો શ્રદ્ધા કરાવવા કહેવાય છે કે શાસ્ત્રથી જ્ઞાન થતું નથી. પરંતુ જેને ચોપડા જોવાનો વિકલ્પ આવે છે ને ચોપડા જોવે છે તેમ શાસ્ત્ર-અભ્યાસનો શુભ વિકલ્પ આવે છે. છે તો શુભરાગ, વિકલ્પવાળું જ્ઞાન, પરંતુ આવ્યા વિના રહેતું નથી. ૬૦૮.

❀ સુનનેસે જ્ઞાન નહીં હોતા, સુનના ઓ તો ઉપાધિ હૈ ઔર ઉસમેં રાગ હોતા હૈ ઓ ઉપાધિ હૈ. ભાવશ્રુત ઉપયોગ સુનને સે નહિ હોતા. ભાવશ્રુતજ્ઞાન જ્ઞાયક આત્મામેં અંતરમેં નિર્વિકલ્પ હોતા હૈ તબ અંદરમેંસે ઉત્પન્ન હોતા હૈ. યહાં તો થોડા જાનપના હો જાય તો હમકો જ્ઞાન હુઆ ઐસા હો જાતા હૈ. લેકિન ઈન્દ્રિયજ્ઞાન જ્ઞાન હી નહીં હૈં. નવ પૂર્વ ૧૧ અંગ ભી ઈન્દ્રયજ્ઞાન હૈ. યોગીન્દ્રદેવ કહતે હૈં કિ આત્માકો જાનનેવાલા જ્ઞાન ઔર શરીરકો જાનનેવાલા જ્ઞાન ભિન્ન ભિન્ન હૈ. દોનોં જ્ઞાન હી ભિન્ન હૈ. ભગવાન આત્મા ઈન્દ્રિયસે જાનનેમેં આતા હી નહીં. ૬૦૯.

❀ શ્રોતા :—શુદ્ધાત્માના વિચાર કરે તો આત્માની નજીક આવ્યો ને?

પૂજ્ય ગુરુદેવ :–આત્મામાં એકાગ્ર થયો ત્યારે નજીક આવ્યો છે. શુદ્ધાત્માના વિચાર ઈ તો વિકલ્પ છે, રાગથી જુદો પડે ત્યારે આત્માની નજીક આવે. રાગ સાથે એકતા વર્તે છે તે તો આત્માથી દૂર છે. ૬૧૦.

❀ પરાવલંબી ભાવોમાં ક્યાંક ક્યાંક મહિમા રહી જાય છે એટલે આત્માની મહિમાનું ખૂન થઈ જાય છે. ૬૧૧.

❀ હજારો-લાખો વર્ષો સુધી શાસ્ત્રાભ્યાસ કરવા છતાં, બાહ્ય નિમિત્તથી મને લાભ થશે, રાગની મંદતાથી મને કાંઈક પણ લાભ થશે, અંદર જવામાં કાંઈક મદદ કરશે–એવો અભિપ્રાય રહે છે. ભગવાનનું નિમિત્ત સામે બેઠું હોય તો કાંઈક આપણને લાભ થશે—એમ માને છે, તે લાભની બુદ્ધિમાં રંગાઈ ગયો છે. ૬૧૨.

❀ વર્તમાન અંશના માહાત્મ્યમાં ત્રિકાળી અંશનું માહાત્મ્ય ચાલ્યું ગયું છે. ૬૧૩.

આત્મધર્મ
મે-૨૦૧૨
અંક-૯ ❋ વર્ષ-૬

Registered Regn. No. BVR-367/2012-2014
Renewed upto 31-12-2014
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## ❀ તારા નિજસ્વભાવના વૈભવને તું સંભાળ. ❀

જરાક પ્રતિકૂળતા આવે ત્યાં તું ઘેરાઈ જાય છે!—પણ ભાઈ!! એ પ્રતિકૂળતાના ઘેરામાં તારો જ્ઞાનસ્વભાવ ઘેરાઈ ગયો નથી, એ તો બધાયથી ઉપર છૂટો ને છૂટો તરી રહ્યો છે. અરે! અનંતકાળમાં તેં આવી તો અનંતી પ્રતિકૂળતાને વેદી, નિગોદમાં ને નરકમાં તેં જે પ્રતિકૂળતાઓ વેદી તે વેદનને કેવળી પ્રભુ જ જાણે છે. અજ્ઞાનભાવે તું અનંત દુઃખ વેદી ચૂક્યો ભાઈ! અને છતાં તારો નિજવૈભવ નષ્ટ નથી થઈ ગયો. હવે એ અનંત દુઃખથી છૂટવાનો ઉપાય એ છે કે તારા નિજસ્વભાવના વૈભવને તું સંભાળ. તારા સ્વભાવની શાંતિ અનંતી છે, એવી અનંતી કે અનંત પ્રતિકૂળતાના ગંજ વચ્ચે પણ પોતે પોતાની શાંતિને વેદી શકે છે. અનંતી શાંતિના દરિયામાં અનંત સિદ્ધોનો સમૂહ મગ્ન છે; તારો સ્વભાવ પણ એવો જ ધ્રુવ શાંતિનો દરિયો છે, અકષાય—વીતરાગરસથી તે ભરિયો છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org